# સ્મરણાંજલિકા

ધ્રુવી અમૃતિયા



-: પ્રકાશક અને વિક્રેતા :-

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮૦૦૧

મો. ૯૮૭૯૪ ૪૪૭૬૩

# SMARANAJALIKA

by **DHRUVI AMRUTIYA**

Pub. by **M.M. Sahitya Prakashan,**

Mahavir Marg, Anand - 388001.

પ્રથમઆવૃત્તિ : ૨૦૧૨

નકલ : ૧૦૦૦

મૂલ્ય રૂા. :

## સ્મરણાંજલિકા

: સજાવટ :

ગુર્જરી સાહિત્યાલય ડાકોર

: મુદ્રક :

ચરોતર સાહિત્યાલય નડિયાદ

: પ્રકાશક :

**એમ. એમ. સાહિત્યપ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ આણંદ

: મુદ્રક :

**અર્પણ પ્રિન્ટરી, આણંદ**

રાધાસ્વામી ચેમ્બર્સ, ભાલેજ રોડ, આણંદ.

ફોન : ૦૨૬૯૨-૨૫૫૯૬૨

## અનુક્રમણિકા


| ક્રમ | ભજન | પેજ નં. |
|---|---|---|
| ૧ | શ્રી ગણેશ સ્તુતિ | ૧ |
| ૨ | ગણેશની આરતી | ૨ |
| ૩ | પ્રભાતિયું | ૨ |
| ૪ | જાગો જગાડે | ૩ |
| ૫ | પ્રભાતિયું -સવારે બોલવાનું | ૪ |
| ૬ | આરતી | ૫ |
| ૭ | મંગળાની આરતી | ૬ |
| ૮ | શ્રીનાથજીનાં દર્શનનો મહિમા | ૭ |
| ૯ | દીપ દર્શન | ૮ |
| ૧૦ | પ્રાતઃ સ્મરણ | ૯ |
| ૧૧ | મંગલાચરણમ્ | ૯ |
| ૧૨ | શ્રી યમુનાષ્ટકમ્ | ૧૦ |
| ૧૩ | સર્વોત્તમ સ્તોત્રમ્ | ૧૨ |
| ૧૪ | શ્રી કૃષ્ણાશ્રય | ૧૬ |
| ૧૫ | નવરત્નમ્ | ૧૮ |
| ૧૬ | શ્રી ગિરિરાજધાર્યષ્ટકમ્ | ૧૯ |

| ક્રમ | ભજન | પેજ નં. |
|---|---|---|
| ૧૭ | શ્રી મધુરાષ્ટકમ્ | ૨૦ |
| ૧૮ | બ્રહ્મસંબંધનો ભાવાર્થ | ૨૧ |
| ૧૯ | યમુના જળમાં | ૨૨ |
| ૨૦ | જય શ્રી વલ્લભ | ૨૩ |
| ૨૧ | શ્રી યમુનાજીની સ્તુતિ | ૨૪ |
| ૨૨ | શ્રી વલ્લભ દેવ કી જે | ૨૭ |
| ૨૩ | શ્રી અર્જુન ગીતા | ૨૮ |
| ૨૪ | એવું શ્રી વલ્લભ પ્રભુનું નામ | ૩૦ |
| ૨૫ | ચતુઃ શ્લોકી | ૩૧ |
| ૨૬ | પુષ્ટિમાર્ગના પાંચ તત્ત્વો | ૩૨ |
| ૨૭ | રાધે રાધે રટે | ૩૩ |
| ૨૮ | ઓ શ્રીનાથજી આવજો તમે | ૩૪ |
| ૨૯ | મટકી | ૩૫ |
| ૩૦ | આજે યમુનાજી પધાર્યા મારે ઘેર | ૩૬ |
| ૩૧ | લાલાને માખણ ભાવે રે | ૩૮ |
| ૩૨ | શ્રીજી આવો તે રંગ | ૩૯ |
| ૩૩ | થાળ સાત વારના | ૪૦ |

| ક્રમ | ભજન | પેજ નં. |
|---|---|---|
| ૩૪ | પ્રાણ થકી મને વૈષ્ણવ પ્યારા | ૪૧ |
| | **એકાદશીનાં ભજનો** | |
| ૩૫ | ધન્ય એકાદશી થાળ | ૪૩ |
| ૩૬ | ઉત્તમવ્રત એકાદશી | ૪૪ |
| ૩૭ | આવો મહારાણી | ૪૫ |
| ૩૮ | રાધે રાધે ગોવિંદ રાધે | ૪૬ |
| | **શ્રીનાથજીના ભજનો** | |
| ૩૯ | મારો ચાર પૈડાનો રથ | ૪૭ |
| ૪૦ | કોડે કોડે એકાદશી | ૪૮ |
| ૪૧ | મોગરાના ફૂલ | ૪૯ |
| ૪૨ | એળે ના જાય જોજો | ૫૦ |
| ૪૩ | ધીરે ધીરે મંદિર જાવા દે મને | ૫૧ |
| ૪૪ | સાહેલી તું ક્યાં જઈ આવી | ૫૨ |
| ૪૫ | કાગળ લખું શ્રીનાથજી | ૫૩ |
| ૪૬ | શ્રીજીના શરણે જે જાય | ૫૪ |
| ૪૭ | શ્રીમદ્ વલ્લભ કહો | ૫૫ |
| ૪૮ | મને ગમે રે શ્રીનાથજીનાં ધામમાં | ૫૬ |

| ક્રમ | ભજન | પેજ નં. |
|---|---|---|
| ૪૯ | ચપટી ભરી ચરણામૃતને | ૫૭ |
| ૫૦ | મારા શ્રીનાથજીનો લટકો | ૫૮ |
| ૫૧ | શ્રી ગોવર્ધનધારી મારા વ્હાલા | ૫૯ |
| | **યમુનાજીનાં ભજનો** | |
| ૫૨ | તમારો જયજયકાર યમુના મહારાણી | ૬૧ |
| ૫૩ | સોનાની ઘંટી | ૬૨ |
| ૫૪ | રાસ | ૬૩ |
| ૫૫ | શ્રીજી બાવાએ કૃપા કરી ત્યારે | ૬૪ |
| ૫૬ | મારો કનૈયો પ્યારનો સાગર | ૬૫ |
| ૫૭ | શ્રીજી બાવાને ઘણી ખમ્મા | ૬૬ |
| ૫૮ | આવી છું સેવાને કાજ | ૬૭ |
| ૫૯ | કેવો રૂપાળો દેખાય | ૬૮ |
| ૬૦ | હિંડોળે ઝુલે ઘનશ્યામ | ૬૯ |
| ૬૧ | શ્રીજી તારો હિંડોળો ઝાકમઝોળ | ૭૦ |
| ૬૨ | આવ રે કાના આવ હીંડોળો | ૭૧ |
| ૬૩ | કદમડાળે હિંડોળે ઝુલે છે નંદલાલ | ૭૨ |
| ૬૪ | તુલસીની માળા | ૭૩ |

| ક્રમ | ભજન | પેજ નં. |
|---|---|---|
| ૬૫ | આજે મારા ઘરમાં દીવાળી | ૭૪ |
| ૬૬ | કેવા રૂડા લાવ્યો ભગવાન | ૭૫ |
| ૬૭ | પંખીડા ઓ પંખીડા | ૭૬ |
| ૬૮ | પ્રભુનું ભજન અને સેવા | ૭૭ |
| ૬૯ | કાનુડા ઓ કાનુડા | ૭૮ |
| ૭૦ | પાંચ આંગળીઓ શ્યામની રે | ૭૯ |
| ૭૧ | ઘણી ખમ્મા ઘણી ખમ્મા | ૮૦ |
| ૭૨ | ઝગમગતા તારલાની હવેલી | ૮૧ |
| ૭૩ | આજ મારા મંદિરયામાં | ૮૨ |
| ૭૪ | હરિના ભજનમાં | ૮૩ |
| ૭૫ | ગયેલા આત્માને | ૮૪ |
| ૭૬ | અંજલિ ગીત | ૮૫ |
| ૭૭ | મંગળ મંદિર ખોલો | ૮૬ |
| ૭૮ | મારો સોનાનો ઘડુલો રે | ૮૭ |
| ૭૯ | ગોપાલ કૃષ્ણ | ૮૮ |
| ૮૦ | નંદ ઘેર આનંદ ભયો | ૮૯ |
| ૮૧ | અમને રાસ રમાડો મારા વ્હાલા | ૮૯ |

| ક્રમ | ભજન | પેજ નં. |
|---|---|---|
| ૮૨ | ઓ કનૈયા રાસલીલા થાય | ૯૦ |
| ૮૩ | મારા શ્રીનાથજીને ગુંજાની માળા | ૯૧ |
| ૮૪ | રહી ગઈ ગોકુળમાં | ૯૩ |
| ૮૫ | સખી આજનો લ્હાવો લિજીએ | ૯૪ |
| ૮૬ | વૃંદાવનમાં વાલો કરે રે કિલ્લોલ | ૯૫ |
| ૮૭ | અતિ રે આનંદ ભર્યા | ૯૬ |
| ૮૮ | ચાલો જળ જમુના | ૯૭ |
| | **સંધ્યા આરતી** | |
| ૮૯ | દીવા કરો દીવા કરો | ૯૮ |
| | **નિત્ય નિયમ** | |
| ૯૦ | શ્રી યમુનાજીનું ધોળ | ૯૯ |

# શ્રી ગણેશ સ્તુતિ

પહેલાં સમરું ગણપતિદેવા, વિઘ્નો દેજો મારાં કાપી,
બીજે સમરું શારદામાતા, (૨) વાણી નિર્મળ આપી,
ત્રીજે સમરું ગુરૂચરણને, (૨) પાવન કીધાં પાપી,
ચોથે સમરું માત-પિતાને, (૨) સદ્‌બુદ્ધિ બહુ આપી,
પુનિત પંચમ પરમેશ્વરને, (૨) માનવ પદવી આપી...

# ગણેશની આરતી

જય ગણેશ જય ગણેશ જય ગણેશ દેવા
માતા જાકી પારવતી પિતા મહાદેવા
લડુઅનકા ભોગ લગે સંત કરે સેવા
જય ગણેશ જય ગણેશ જય ગણેશ દેવા...
એકદન્ત દયાવન્ત ચારભુજા ધારી
મસ્તક પર સિન્દૂર શોભે મૂષકકી સવારી
જય ગણેશ જય ગણેશ જય ગણેશ દેવા...
અંધન કો આંખ દેત કોઢીન કો કાયા
બાંઝન કો પુત્ર દેત નિર્ધન કો માયા
જય ગણેશ જય ગણેશ જય ગણેશ દેવા...



હાર ચઢે ફૂલ ચઢે ઔર ચઢે મેવા
સબ કામ સિધ્ધ કરે સિધ્ધ ગણેશ દેવા
જય ગણેશ જય ગણેશ જય ગણેશ દેવા...

# પ્રભાતિયું

હે જાગને જાદવા શ્રીકૃષ્ણ ગોવાળિયા
તુજ વિના ધેનમાં કોણ જાશે.... (૨)
ત્રણસોં ને સાઠ ગોવાળ ટોળે મળ્યા
વડો રે ગોવાળિયો કોણ થાશે? હે જાગને...
દહીં તણાં દહીંથરાં , ઘી તણાં ઘેબરાં
કઢિયલ દૂધ તે કોણ પીશે?
હરિ મારો હાથિયો, કાળીનાગ નાથિયો
ભૂમિનો ભાર તે કોણ લેશે? હે જાગને...
જમુનાને તીરે વહાલા ગોધન ચરાવતાં
મધુરી શી મોરલી કોણ વાહશે?
ભણે નરસૈયો તુજ ગુણ ગાઈ રીઝીઓ
બૂડતાંની બાંહડી કોણ સહારો? હે જાગને...

## જાગો જગાડે

જાગો જગાડે માતા જશોદા
લાડકવાયા લાલ જાગો કૃષ્ણ કનૈયા...
સોનાને પારણે હીરની દોરી
લે છે ઓવારણાં જશોદા માત
નંદબાવાના બાળ જાગો કૃષ્ણ કનૈયા...
વહાણું વાયું જાગો છોગાળા
સુની છે ગાય ને સુના છે ગોવાળીયા
ધેનુના રખવાળ જાગો કૃષ્ણ ગોવાળીયા...
લાડકડાં નીંદરડીને ત્યાગો
જાગીને માખણ મીસરી માંગો
ગોકુળના ગોવાળ જાગો કૃષ્ણ કનૈયા...
ઘેસ ને ઘેબર ભાવે જમાડું
ગવરી ગાયનાં દૂધ પીવડાવું
વાટ જુએ વ્રજનાર જાગો કૃષ્ણ કનૈયા...
જમુના કાંઠે ગોપીયોની સાથે
કૃષ્ણ રમજો રાસ પ્રભાતે
ઝબકી દીન દયાળ જાગો કૃષ્ણ કનૈયા...
જાગો જગાડે માતા જશોદા
લાડકવાયા લાલ જાગો કૃષ્ણ કનૈયા.



## પ્રભાતિયું -સવારે બોલવાનું

નમો નમો શ્રી નંદજીના લાલાને શ્રી ગોપીજનના વ્હાલાને
જશોદાના જીવણ જાણ છો ચતુર રસીયા વાલા પ્રાણ છો
વાલા અંગે તે આનંદદીસો છો
વ્હાલે હાથમાં તે માખણ લીધાં છે કેસરનાં તિલક કીધાં છે
મારા વ્હાલાને આગલાને ટોપી છે
અલબેલા અંગે ઓપી છે
શામળિયા સંગે ગોપી છે બેલડીએ રાધા પ્યારા છો
જાવો માધવદાસ બલિહારી છે નમો નમો શ્રીનંદજીના લાલાને
શ્રી ગોપીજનના વ્હાલાને
વનરાવનના રે વાસી વિનંતી રાખો તમસુ દાસી
હરિનો હાર હિરલે જડીયો તે થકી રવીસૂરજ ઝાંખો પડીયો
ચૂઆ ચંદન અલકા લે છે પાંપણ ઉપર પાઘ લે છે
મહિં લટકાળા તાર લે છે
તમે મને કંઈ કંઈ કામણ કીધાં
તમે મારું ચિત્તડું ચોરી લીધું મનના માન્યા રે માયા
તમને નહિ દઉં રે હું જાવા મોહન મોટપણે શું રહો છો
પ્રિતમ પ્રિત છોડીને શું જાવ છો
વનરાવનના રે વાસી વિનંતી રાખા તમસું દાસી

# આરતી

આરતી શ્રીનાથજીની મંગળા કરી (૨)
ધનનન (૨) શંખ વાગ્યા ને શ્રીનાથજી જાગ્યા
ઉતાવળ તો કરી પ્રભુ, ઉતાવળ કરી
આરતી શ્રીનાથજીની મંગળા કરી
નીરખતા મુખારવીંદ, નીરખતા મુખારવીંદ
યાચના કરી પ્રભુ, યાચના કરી
આરતી શ્રીનાથજીની મંગળા કરી
વસ્ત્ર અંગીકાર કર્યા, વસ્ત્ર અંગીકાર કર્યા
ઝારીજી ભરી પ્રભુ, ઝારીજી ભરી
આરતી શ્રીનાથજીની મંગળા કરી
તાલ અને મૃદંગ વાગે, તાલ અને મૃદંગ વાગે
વાગે વેણું વાંસળી પ્રભુ, વાગે વેણું વાંસળી
આરતી શ્રીનાથજીની મંગળા કરી
દાસ જાણીને દર્શન દેજો, દાસ જાણીને દર્શન દેજો
દયા તો કરી પ્રભુ, દયા તો કરી
આરતી શ્રીનાથજીની મંગળા કરી
પ્રભુ મને ધરપત આપો, પ્રભુ મને ધરપત આપો
તમારી કરી પ્રભુ, તમારી કરી
આરતી શ્રીનાથજીની મંગળા કરી



# મંગળાની આરતી

મંદિર રૂડાં રળિયામણાં શ્રી નાથજી કેરાં
ત્યાં જઈને નાથજીને નીરખીએ સુખ પામીએ સારાં
મન રે મોહ્યું રે શ્રી નાથજી એવા દ્વારકાના રાયરે
લીલા તુલસી ને પીળો ચાબખો
રાતા કમળના ફૂલ રે રાતા શ્રીનાથજીના મોળિયર
તેના અમૂલખ મૂલ રે પીછો વચ હીરે જડી
પામરી રચનારી વીઠલ વાઘા સોહામણા
પ્રભુ પહેરો કસબના જળ રે બાંધો જરકસીના
સોગઠડા રમનારા પ્રથમ પહેરો પીતાંબર
અંગે દિસો છો સારા મંગળાસમાની આરતી
કહે જશોદા માતા હરીદસના રે સ્વામી મળ્યા
હું તો જાઉં બલિહારી બેઉ કર જોડીને કરું વિનંતી
આપો વ્રજમાં વાસ વ્રજના વાસી રે શ્રીનાથજી
નહી નીરખ્યાંની ટેવ મંદિર રૂડાં રળિયામણાં
શ્રી નાથજી કેરાં

# શ્રીનાથજીનાં દર્શનનો મહિમા

## સવારનાં

મંગળાના દર્શન કરવાથી સદાય સુખી થવાય છે.
શ્રૃંગારના દર્શન કરવાથી સ્વર્ગલોક મળે છે.
ગ્વાલના દર્શન કરવાથી પ્રતિષ્ઠા બની રહે છે.
રાજભોગના દર્શન કરવાથી ભાગ્ય વૃધ્ધિ થાય છે.

## સાંજના

ઉત્થાપાનના દર્શન કરવાથી ઉત્સાહ વધે છે.
ભોગના દર્શન કરવાથી ભરોસો વધે છે.
આરતીના દર્શન કરવાથી નિ:સ્વાર્થી થવાય છે.
શયનના દર્શન કરવાથી શાંતિ મળે છે.



# દીપ દર્શન

*શુભમ્ કરોતિ કલ્યાણમ્ આરોગ્યં ધનસંપદ: ।*
*શત્રુબુધ્ધિવિનાશાય દીપજ્યોતિર્નમોઽસ્તુ તે ।।*

હે દિવાની જ્યોત! તું શુભ તથા કલ્યાણ કરે છે. તેમજ આરોગ્ય અને ધનસંપત્તિ આપે છે. કોઈપણ શત્રુ સમજવાની બુધ્ધિનો નાશ કરે છે. માટે હું તમને નમન કરું છું.

*દીપ જ્યોતિ! પરબ્રહ્મ દીપજ્યોતિર્જનાર્દન:*
*દીપો હરતુ મે પાપં દીપજ્યોતિર્નમોઽસ્તુ તે*

દીવાની પ્રકાશ પરબ્રહ્મ છે. દીપજ્યોતિ જગતનાં દુ:ખ હરનાર દેવ છે. દીવો મારા પાપ દૂર કરો. હે દીપજ્યોતિ, તમને મારા નમસ્કાર છે.



## પ્રાત: સ્મરણ

મૂકં કરોતિ વાચાલં પંગું લંઘયતે ગિરિમ્ ।
યત્કૃપા તમહં વન્દે પરમાનંદમાધવમ્ ॥

શાન્તાકારં ભુજગશયનં પદ્મનાભં સુરેશમ્ ।
વિશ્વાધારં ગગનસદ્દશં મેઘવર્ણ શુભાંગમ્ ॥

લક્ષ્મીકાન્ત કમલનયનમ્ યોગિભિર્ધ્યાનગમ્યમ્ ।
વન્દે વિષ્ણું ભવભયહરં સર્વલોકેનાથમ્ ।

## મંગલાચરણમ્

ચિન્તા-સન્તાન્તારો, યત્પાદા મ્બુજ રેણવ: ।
સ્વીયાનાં તાન્નિજાચાર્યન્, પ્રણમામિ મુહુર્મુહુ: ॥
યદનુંગ્રહતો જન્તુ:, સર્વદુ:ખાતિગો ભવેત્ ।
તમહં સર્વદા વન્દે, શ્રીમદ્ વલ્લભનંદનમ્ ॥
અજ્ઞાનતિમિરાન્ધસ્ય, જ્ઞાનાંજનશલાકયા ।
ચક્ષુરુન્મીલિતં યેન, તસ્મૈ શ્રીગુરવે નમ: ॥
નમામિ હૃદયે શેષે, લીલાક્ષી રાબ્ધિ શાયિનમ્ ।
લક્ષ્મીસહસ્ત્રલીલાભિ:, સેવ્યમાનં કલા નિધિમ્ ॥
ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ત્રિભિસ્તથા ।
ષડ્ભિર્વિરાજતે યોડસૌ, પંચધા હૃદયે મમ ॥



## શ્રી યમુનાષ્ટકમ્

નમામિ યમુનામહં, સકલ સિદ્ધિહેતું મુદા ।
મુરારિપદપંકજ, સ્ફુરદમન્દરેણૂત્કટામ્ ॥
તટસ્થનવકાનન, પ્રકટમોદ પુષ્પામ્બુના ।
સુરાસુરસુપૂજિત, - સ્મરપિતુ: શ્રિયં બિભ્રતીમ્ ॥૧॥
કાલિંદગિરિમસ્તકે, પતદમંદપૂરોજજવલા ।
વિલાસગમનોલ્લસત્ પ્રકટ ગણ્ડશૈલૌન્નતા ॥
સઘોષગતિદન્તુરા, સમધિરૂઢદોલોત્તમા ।
મુકુન્દરરતિવર્ધિની, જયતિ પદ્મબન્ધો: સુતા ॥૨॥
ભુવં ભુવનપાવની, મધિગતા મનોકસ્વનૈ: ।
પ્રિયાભિરવિ સેવિતાં, શુકમયૂરહંસાદિભિ: ॥
તરંગભુજકંકણ, પ્રકટમુક્તિકાવાલુકા ।
નિતમ્બતટસુન્દરી, નમત કૃષ્ણતુર્યપ્રિયામ્ ॥૩॥
અનંતગુણભિષતો, શિવવિરંચિદેવસ્તુતો ।
ઘનાઘન નિભે સદા, ધ્રુવપરાશરાભીષ્ટદે ॥
વિશુદ્ધમથુરાતટે, સકલગોપગોપીવૃતે ।
કૃપાજલધિસંશ્રિતે, મમ મન: સુખં ભાવય ॥૪॥
યયા ચરણપદ્મજા, મુરરિપો: પ્રિયં ભાવુકા ।

સમાગમનતો ભવત્, સકલસિદ્ધિદા સેવતામ્ ॥
તયા સદશિતામિયાત્, કમલજા સપત્નીવયત્ ।
હરિપ્રિયકલિન્દયા, મનસિ મે સદા સ્થીયતામ્ ॥૫॥
નમોસ્તુ યમુને સદા, તવ ચરિત્રમત્યદ ભુતં ।
ન જાતુ યમયાતના, ભવતિ તે પાય:પાનત: ॥
યમોપિ ભગિનીસુતાન્, કથ મુહન્તિ દુષ્ટાનપિ ।
પ્રિયો ભવતિ સેવનાત્, તવ હરેર્યથા ગોપિકા: ॥૬॥
મમાસ્તુ તવ સન્નિધૌ, તનુનવત્વમેતાવતા ।
ન દુર્લભતમા રતિ, મુરરિપૌ મુકુંદપ્રિયે ॥
અતોસ્તુ તવ લાલના, સુરધુની પરં સંગમાત્ ।
તવૈવ ભુવિ કીર્તિતા, ન તુ કદાપિ પુષ્ટિસ્થિતૈ: ॥૭॥
સ્તુતિં તવ કરોતિ ક:, કમલજાસપત્નિ પ્રિયે ।
હરેર્યદનુસેવયા, ભવતિ સૌખ્યમામોક્ષત: ॥
ઈયં તવ કથાધિકા, સકલગોપિકા સંગમ ।
સ્મરશ્રમલાણુભિ: સકલાગાત્રજૈ: સંગમ: ॥૮॥
તવાષ્ટકમિદં મુદા, પઠતિ સૂરસૂતે સદા ।
સમસ્તદુરિતક્ષયો, ભવતિ વૈ મુકુન્દે રતિ: ॥
તથા સકલ સિધ્યયો, મુરરિપુશ્ચ સંતુષ્યતિ ।
સ્વભાવવિજયો ભવેત્, વદતિ વલ્લભ: શ્રીહરે ॥૯॥



# સર્વોત્તમ સ્તોત્રમ્

પ્રાકૃતધર્માનાશ્રયમ - પ્રાકૃતનિખિલધર્મરૂપમિતિ ॥
નિગમપ્રતિપાદ્યં યત્ - તચ્છુદ્ધં સાકૃતિ સ્તૌમિ ॥૧॥
કલિકાલતમશ્છન્ન - દષ્ટિત્વાદ્વિદુષામપિ ॥
સંપ્રત્યવિષયસ્તસ્ય, માહાત્મ્યં સમભૂદ્ભુવિ ॥૨॥
દયયા નિજમાહાત્મ્યં કરિષ્યન્પ્રકટં હરિઃ ॥
વાણ્યા યદા તદા સ્વાસ્યં, પ્રાદુર્ભુતં ચકાર હિ ॥૩॥
તદુક્તમપિ દુર્બોધં, સુબોધં સ્યાદ્યથા તથા ॥
તન્નામાષ્ટોત્તરશતં, પ્રવક્ષ્યામ્યાખિલાધષહૃત ॥૪॥
ઋષિરગ્નિકુમારસ્તુ, નામ્નાં છંદો જગત્યસૌ ॥
શ્રીકૃષ્ણાસ્યં દેવતા ચ, બીજં કારુણિકઃ પ્રભુઃ ॥૫॥
વિનિયોગો ભક્તિયોગ - પ્રતિબંધવિનાશને ॥
કૃષ્ણાધરામૃતાસ્વાદ - સિદ્ધિરત્રનસંશય : ॥૬॥
આનંદઃ પરમાનંદઃ શ્રીકૃષ્ણાસ્યં કૃપાનિધિઃ ॥
દૈવોદ્ધારપ્રયત્નાત્મા - સ્મૃતિમાત્રાર્તિનાશનઃ ॥૭॥
શ્રીભાગવતગૂઢાર્થ - પ્રકાશનપરાયણઃ ॥
સાકારબ્રહ્મવાદૈક - સ્થાપકોવેદપારગઃ ॥૮॥
માયાવાદનિરાકર્તા, સર્વવાદિનિરાશકૃત ॥
ભકિતમાર્ગાબ્જમાર્તણ્ડઃ સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ ॥૯॥
અંગીકૃત્યૈવગોપીશ - વલ્લભીકૃતમાનવઃ ॥

અંગીકૃતૌ સમર્યાદો, મહાકારુણિકો વિભુઃ ।।૧૦।।
અદેયદાનદક્ષશ્ચ, મહોદારચરિત્રવાન ।।
પ્રાકૃતાનુકૃતિવ્યાજ - મોહિતા સુરમાનુષઃ ।।૧૧।।
વૈશ્વાનરો વલ્લભાખ્યઃ સદ્રપો હિતકૃત્સતામ્ ।।
જનશિક્ષાકૃતે કૃષ્ણ-ભકિત કૃન્નિખિલેષ્ટદઃ ।।૧૨।।
સર્વ લક્ષણસંપન્નઃ શ્રીકૃષ્ણજ્ઞાનદો ગુરુઃ ।।
સ્વાનંદતુંદિલઃ પદ્મદલાયતવિલોચનઃ ।।૧૩।।
કૃપાદગ્વૃષ્ટિસંહૃષ્ટદાસસીપ્રિયઃ પતિઃ ।।
રોષદકપાતસં પ્લુષ્ટભક્તદ્વિટં ભક્તસેવિતઃ ।।૧૪।।
સુખસેવ્યો દુરારાધ્યો દુર્લભાં-ઘ્રિસરોરુહઃ ।।
ઉગ્રપ્રતાપો વાકસીધુપુરિતાશેષસેવકઃ ।।૧૫।।
શ્રીભાગવતપીયૂષ સમુદ્રમથનક્ષમઃ ।।
તત્સારભૂતરાસસ્ત્રી ભાવ પુરિત વિગ્રહઃ ।।૧૬।।
સાન્નિધ્યમાત્રદ્ત્ત શ્રી કૃષ્ણપ્રેમા વિમુકિતદઃ ।।
રાસલીલૈકતાત્પર્યઃ કૃપયૈતત્કથાપ્રદઃ ।।૧૭।।
વિરહાનુભવૈકાર્થ સર્વત્યાગોપદેશકઃ ।।
ભકત્યાચારોપદેષ્ટા ચ કર્મમાર્ગપ્રવર્તકઃ ।।૧૮।।
યાગાદૌ ભકિતમાર્ગેકસાધનત્વોપદેશકઃ ।।
પુર્ણાનંદઃ પૂર્ણકામો વાક્પતિર્વિબુધેશ્વર ઃ ।।૧૯।।
કૃષ્ણનામ સહસ્ત્રસ્ય વકતા ભકતપરાયણઃ ।।
ભકત્યાચારોપદેશાર્થ નાનાવાક્યનિરૂપકઃ ।।૨૦।।



સ્વાર્થોજ્જિઝતાખિલપ્રાણપ્રિયસ્તાદશવેષ્ટિતઃ ।।
સ્વદાસાર્થકૃતાશેષસાધનઃ સર્વશક્તિવધૃક ।।૨૧।।
ભુવિ ભકિતપ્રચારકકૃતે સ્વાન્વયકૃમિતા ।।
સ્વવંશે સ્થાપિતાશેષસ્વમાહાત્મ્યઃ સ્મયાપહઃ ।।૨૨।।
પતિવ્રતાપતિઃ પારલૌકિકૈહિકદાનકૃત્ ।।
નિગૂઢહૃદયોઽનન્યભકતેષુ જ્ઞાપિતાશયઃ ।।૨૩।।
ઉપાસનાદિ માર્ગાતિ મુગ્ધમોહનિવારકઃ ।।
ભક્તિમાર્ગે સર્વમાર્ગવૈલક્ષણ્યાનુભૂતિકૃત્ ।।૨૪।।
પૃથક શરણમાર્ગોપદેષ્ટા શ્રીકૃષ્ણહાર્દવિત્ ।।
પ્રતિક્ષણનિકુંજજસ્થલીલારસપુરિતઃ ।।૨૫।।
તત્કથાક્ષિપ્તચિત્તસ્તદ્વિસ્મૃતાન્યો વ્રજપ્રિયઃ ।।
પ્રિયવ્રજસ્થિતિઃ પુષ્ટિલીલાકર્તા રહઃ પ્રિયઃ ।।૨૬।।
ભકતેચ્છાપુરકઃ સર્વજ્ઞાતલીલોઽતિમોહનઃ ।।
સર્વાસકતો ભકતામાત્રાસક્ત પતિતપવાનઃ ।।૨૭।।
સ્વયશોગાનસંહૃષ્ટ હૃદયાંભોજવિષ્ટરઃ ।।
યશઃપીયૂષલહરીપ્લાવિતાન્યરસઃ પરઃ ।।૨૮।।
લીલામૃતરસાર્દ્રાર્દ્રીકૃતાખિલશરીરભૂત્ ।।
ગોવર્ધનસ્થિત્યુત્સાહઃ તત્લીલપ્રેમપુરિતઃ ।।૨૯।।
યજ્ઞભોકતા યજ્ઞકર્તા ચતુર્વર્ગવિશારદઃ ।।
સત્યપ્રતિજ્ઞાસ્ત્રિગુણાતીતો નયવિશારદઃ ।।૩૦।।
સ્વકિર્તિવર્ધનસ્તત્વ સૂત્રભાષ્યપ્રદર્શકઃ ।।

માયાવદાખ્યતૂલાગ્નિર્બ્રહ્મવાદનિરૂપકઃ ।।૩૧।।
અપ્રાકૃતાડખિલાકલ્પભૂષિતઃ સહજસ્મિત ।।
ત્રિલોકીભૂષણં ભૂમિભાગ્યં સહસુંદરઃ ।।૩૨।।
અશેષભકતસંપ્રાર્થ્યં ચરણાબ્જજોધનઃ ।।
ઈત્યાનંદનિધેઃ પ્રોકતં નામ્નામષ્ટોત્તરં શતમ્ ।।૩૩।।
શ્રદ્ધાવિશુદ્ધબુદ્ધિર્યઃ પઠત્યનુદિનં જનઃ ।।
સ તદેકમનાઃ સિદ્ધિમુક્તાં પ્રાપ્યોત્યસંશયઃ ।।૩૪।।
તદપ્રાપ્તો વૃથા મોક્ષસ્તદાપ્તૌ તદ્ગતાર્થતા ।।
અતઃ સર્વોત્તમં સ્તોત્રં જપ્યં કૃષ્ણરસાર્થિભિઃ ।।૩૫।।

ઈતિ શ્રીમદગ્નિકુમારપ્રોક્તં
શ્રીસર્વોત્તમસ્તોત્ર સંપૂર્ણમ્ ।





## શ્રી કૃષ્ણાશ્રય

સર્વમાગેષુ નષ્ટેષુ, કલૌ ચ ખલધર્મિણિ
પાખંડપ્રચુરે લોકે, કૃષ્ણ એવ ગતિર્મમ ।।૧।।
મ્લેચ્છાક્રાન્તેષુ દેશેષુ, પાપૈકનિકયેષુ ચ
સત્પીડ વ્યગ્રલોકેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ।।૨।।
ગંગાદિ તીર્થ વર્યેષુ, દુષ્ટૈવાવૃતેષ્વિહ
તિરોહિતાધિદૈવેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ।।૩।।
અહંકારવિમૂઢેષુ, સત્સુ પાપાનુવર્તિષુ
લાભપૂજાર્થ યત્નેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ।।૪।।
અપરિજ્ઞાન નષ્ટેષુ, મન્ત્રેષ્યવ્રતયોગિષુ
તિરોહિતાર્થદેવેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ।।૫।।
નાનાવાદ વિનષ્ટેષુ, સર્વકર્મ વ્રતાદિષુ
પાખડૈકપ્રયત્નેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ।।૬।।
અજામિલાદિદોષાણાં, નાશકોનુભવે સ્થિતઃ
જ્ઞાપિતાખિલમાહાત્મ્યઃ કૃષ્ણ એવ ગતિર્મમ ।।૭।।
પ્રાકૃતાઃ સકલા દેવા, ગણિતાનંદકં બૃહત્
પૂર્ણાનન્દો હરિસ્તસ્માત્, કૃષ્ણ એવં ગતિર્મમ ।।૮।।

વિવેકધૈર્યભક્ત્યાદિ, રહિતસ્ય વિશેષતઃ
પાપાસક્તસ્ય દીનસ્ય, કૃષ્ણ એવ ગતિર્મમ ॥૯॥
સર્વ સામર્થ્યસહિતઃ, સર્વત્રૈવાખિલાર્થકૃત્
શરણસ્થસમુદ્ધારં, કૃષ્ણં વિજ્ઞાપયામ્યહમ્ ॥૧૦॥
કૃષ્ણાશ્રયમિદં સ્તોત્રં, યઃપઠેત્ કૃષ્ણસન્નિધૌ
તસ્યાશ્રયો ભવેત્ કૃષ્ણ, ઈતિ શ્રી વલ્લભોબ્રવીત્ ॥૧૧॥

॥ ઈતિ શ્રીમદવલ્લભાચાર્યાવિરચિતં
કૃષ્ણાશ્રયસ્તોત્રમ્ સંપૂર્ણમ્ઃ ॥





## નવરત્નમ્

ચિન્તા કાપિ ન કાર્યા, નિવેદિતાત્મભિઃ કદાપીતિ
ભગવાનપિ પુષ્ટિસ્થો, ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્ ॥૧॥
નિવેદનં તુ સ્મર્તવ્યં, સર્વથા તાદશૈર્જનૈઃ
સર્વેશ્વરશ્ચ સર્વાત્મા, નિજેચ્છાતઃ કરિષ્યતિ ॥૨॥
સર્વેષાં પ્રભુસમ્બન્ધો, ન પ્રત્યેકમિતિ સ્થિતિઃ
અતોન્યવિનિયોગેપિ, ચિન્તા કા સ્વસ્ય સોપિ ચેત્ ॥૩॥
અજ્ઞાનાદથવા જ્ઞાનાત્, કૃતમાત્મનિવેદનમ્
યૈઃ કૃષ્ણસાત્કૃતપ્રાણૈ, સ્તેષાં કા પરિદેવના ॥૪॥
તથા નિવેદને ચિન્તા, ત્યાજયા શ્રીપુરુષોત્તમે
વિનિયોગેપિ સા ત્યાજ્યા, સમર્થો હિ હરીઃ સ્વતઃ ॥૫॥
લોકે સ્વાસ્થ્યં તથા વેદે, હરિસ્તુ ન કરિષ્યતિ
પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્ સાક્ષિણો ભવતાખિલાઃ ॥૬॥
સેવાકૃતિર્ગુરોરાજ્ઞા, બાધનં વા હરીચ્છયા
અતઃ સેવાપરં ચિત્તં, વિધાય સ્થીયતાં સુખમ્ ॥૭॥
ચિત્તોદ્વેગં વિધાયાપિ, હરિર્યદ્યત્કરિષ્યતિ
તથૈવ તસ્ય લીલેતિ, મત્વા ચિન્તાં દ્રુતં ત્યજેત્ ॥૮॥
તસ્માત્ સર્વાત્મના નિત્યં, શ્રીકૃષ્ણઃ શરણં મમ
વદદ્ભિરેવ સતતં, સ્થેયમિત્યેવ મે મતિઃ ॥૯॥
॥ ઈતિ શ્રીમદવલ્લભાચાર્યાવિરચિતં નવરત્નમ્ સંપૂર્ણમ્ ॥

# શ્રી ગિરિરાજધાર્યષ્ટકમ્

ભક્તાભિલાષાચરિતાનુસારી,દુગ્ધાદિચૌર્યેણ યશોવિસારી ।
કુમારતાનંદિત ધોષનારિ,મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી ।।૧।।
વ્રજાંગના વૃંદસદાવિહારી,અંગૈગૃહાંગારતમોપહારી ।
ક્રીડારસાવેશ તમોઽભિસારી,મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી ।।૨।।
વેણુસ્વનાનંદિત પન્નાગારી, રસાતલાનૃત્યપદપ્રચારી ।
ક્રીડન્ વયસ્યાકૃતિ દૈત્યમારી,મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી ।।૩।।
પુલિંદદારાહિતશંબરારી,રમાસદોદારદયાપ્રકારી ।
ગોવર્ધને કંદફલોપહારી,મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી ।।૪।।
કલિંદજાકુલદુકૂલહારી,કુમારિકાકામકલાવિતારિ ।
વૃંદાવને ગોધનવૃંદચારી, મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ।।૫।।
વ્રજેન્દ્રસર્વાધિકશર્મકારી,મહેન્દ્રગર્વાધિકગર્વહારી ।
વૃંદાવને કંદફલોપહારી,મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી ।।૬।।
મનઃકલાનાથ તમોવિહારી,વંશીરવાકારિતતત્કુમારિ ।
રાસોત્સવોદ્વેલ્લરસાબ્ધિસારી, મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી।।૭।।
મત્તદ્વિપોદ્દામગતાનુંકારી,લુંઠત્પ્રસૂનાપ્રપદીનહારી ।
રામો રસસ્પર્શકરપ્રસારી,મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી ।।૮।।
।। ઈતિશ્રી વલ્લભાચાર્યવિરચિતં
શ્રીગિરિરાજધાર્યષ્ટકમ્ સંપૂર્ણમ્ ।।



# શ્રી મધુરાષ્ટકમ્

અધરં મધુરં વદનં મધુરં, નયનં મધુરં હસિતં મધુરમ્,
હૃદયં મધુરં ગમનં મધુરં, મધુરાધિપતે-રખિલં મધુરમ્ ।।૧।।
વચનં મધુરં ચરિતં મધુરં, વસનં મધુરં વલિતં મધુરમ્
ચલિતં મધુરં ભ્રમિત મધુરં, મધુરાધિપતેરખિલં મધુરમ્ ।। ૨।।
વેણુ - ર્મધુરો રેણુ -ર્મધુરઃ, પાણિ - ર્મધુર, પાદૌ મધુરૌ,
નૃત્યં મધુરં સખ્યં મધુરં, મધુરાધિપતે -રખિલં મધુરમ્ ।।૩।।
ગીતં મધુરં પીતં મધુરં, ભુક્તં મધુરં સુપ્તં મધુરમ્
રૂપં મધુરં તિલકં મધુરં, મધુરાધિપતે - રખિલં મધુરમ્ ।।૪।।
કરણં મધુરં તરણં મધુરં, હરણં મધુરં રમણં મધુરમ્
વમિતં મધુરં શમિતં મધુરં, મધુરાધિપતે - રખિલં મધુરમ્ ।।૫।।
ગુંજા મધુરા માલા મધુરા, યમુના મધુરા વીચી મધુરા,
સલિલં મધુરં કમલં, મધુરાધિપતે-રખિલં મધુરમ્ ।।૬।।
ગોપી મધુરા લીલા મધુરા, યુક્તં મધુરં મુક્તં મધુરમ્
ઈષ્ટં મધુરં શિષ્ટં મધુરં, મધુરાધિપતે-રખિલં મધુરમ્ ।।૭।।
ગોપા મધુરા ગાવો મધુરા, યષ્ટિ-ર્મધુરા-સૃષ્ટિ-ર્મધુરા,
દલિતં મધુરં ફલિતં મધુરં, મધુરાધિપતે-રખિલં મધુરમ્ ।।૮।।
।। ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યા વિરચિતં મધુરાષ્ટકં સંપૂર્ણમ્ ।।

# બ્રહ્મસંબંધનો ભાવાર્થ

ભગવાન કૃષ્ણથી વિખૂટા પડે હજારો વર્ષોનો સમય વ્યતીત થવાથી ભગવાનની પ્રાપ્તિને માટે હૃદયમાં જે તાપ - ક્લેશનો આનંદ થવો જોઈએ તે જેને તિરોધાન થયો છે એવો હું જીવ, ભગવાન કૃષ્ણ (શ્રી ગોપીજન વલ્લભને) દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ, તેના ધર્મો સ્ત્રી, ઘર, પુત્ર, કુટુંબ, ધન, આલોક અને પરલોક આત્મા સહિત સમર્પણ કરું છું. હું દાસ છું. હે કૃષ્ણ ! હું તમારો છું.





# યમુના જળમાં

યમુનાજળમાં કેશર ઘોળી સ્નાન કરાવું તને શામળા,
હલકે હાથે અંગો ચોળી, લાડ લડાવું શામળા,
અંગો લૂછી આપું વસ્ત્રો પીળું પીતાંબર શામળામાં
તેલ સુગંધી નાખી આપું, વાંકડીયા તુજ વાળમાં...
કુમકુમ કેરૂં તિલક લગાવું, ત્રિકમ તારા ભાલમાં...
અલબેલી આંખોમાં આજું અંજન મારા વાલમાં...
હસતી જાઉં વાટે ઘાટે નાચી ઉઠું હું તાલમાં,
નજર ન લાગે શ્યામ સુંદરને ટપકા કરી દઉં ગાલમાં,
પગમાં ઝાંઝર રૂમઝુમ વાગે કરમાં કંકણ વાલમાં
કંઠે માળા કાને કુંડળ ચોરે ચિતડું ચાલમાં
મોર મુગટ માથે પહેરાવું, મોરલી આપું હાથમાં
કૃષ્ણ કૃપાળુ નિરખી શોભા, વારી જઉં તારા વ્હાલમાં
દૂધ કટોરી ભરીને આપું, પીઓને મારા શામળા
ભક્તજનોને શરણે રાખો, વિનવું મારા શામળા
દાસના દાસની અરજી વહાલા, લેજો વહેલા ધ્યાનમાં
અંત સમયે દોડીને આવી, દર્શન દેજો વાલમા..

## જય શ્રી વલ્લભ

જયશ્રી વલ્લભ જયશ્રી વિઠ્ઠલ જય યમુના શ્રીનાથજી.
કલિયુગના તો જીવ ઉધ્ધાર્યા મસ્તક ધરિયા હાથજી
મોર મુગટ ને કાને કુંડળ ગળે વૈજંતી માળાજી
નાસીકા પર મોતી લટકે એ છબી જોવા જઈએજી
શ્રી વલ્લભ વલ્લભ મુખથી કહીએ
તો ભવસાગર તરીએજી
અનેક દેવ ઉપાસના તજીને, વર વિઠ્ઠલને વરીએજી
કૃષ્ણદાસ પ્રભુ શ્રી ગિરિધરનાં ગુણ
ચરણકમળ ચિત્ત લઈએજી
જયશ્રી ગિરિધર જયશ્રી ગોવિંદ જયશ્રી બાલકૃષ્ણજી
જયશ્રી ગોકુલપતિ જયશ્રી રઘુપતિ
જયશ્રી યદુપતિ ઘનશ્યામજી
ગોકુલવાલે નાથ મેરી દોરી તમારે હાથજી
જયશ્રી યમુના જયશ્રી ગોવર્ધનનાથ
શ્રી મહાપ્રભુજી શ્રી વિઠ્ઠલનાથ
જય જયશ્રી ગોકુલેશ કલેશ ના રહે શેષ.



## શ્રી યમુનાજીની સ્તુતિ

શ્રીકૃષ્ણના ચરણાવિંદનની રજ થકી શોભી રહ્યા
સિદ્ધિ અલૌકિક આપનારા વંદુ શ્રી યમુનાજીને
સુપુષ્પની સુવાસથી જંગલ બધુ મહેકી રહ્યુ
ને મંદ શીતલ પવનથી જલ પણ સુગંધિત થઈ રહ્યુ
પુજે સુરાસુર સ્નેહથી વળી સેવતા દેવી જીવો
વંદન કરું શ્રી યમુનાજીને શ્રીકૃષ્ણ આશ્રય આપજો...૧
મા ! સુર્યમંડળ છોડીને બહુ વેગથી આવી રહ્યા
ત્યાં કાલિન્દીના શિખર ઉપર શોભા અતિસુંદર દીસે
એ વેગમાં પથ્થર ઘણાં હરખાઈને ઊછળી રહ્યા
આપ પણ ઉલ્લાસ પૂર્વક ઉછળતા શોભી રહ્યા
હરિહેતના ઝુલા ઉપર જાણે બિરાજ્યા આપ હો
વંદન કરું શ્રી યમુનાજીને શ્રીકૃષ્ણ આશ્રય આપજો...૨
શુક મોર સારસ હંસ આદિ પક્ષીથી સેવાયેલા
ગોપી જનોએ સેવ્યા ભુવન સ્તવન પાવન રાખતાં
તરંગરૂપ શ્રી હસ્તમાં રેતી રૂપી મોતી તણાં
કંકણ સરસ શોભી રહ્યા શ્રીકૃષ્ણને બહુ પ્રિય જે

નિતમ્બ રૂપ શ્રી તટ તણું અદભૂત દર્શન થાય જે
વંદન કરું શ્રી યમુનાજીને શ્રીકૃષ્ણ આશ્રય આપજો...૩
અનંત ગુણોથી શોભતાં સ્તુતિ દેવ બ્રહ્મા શિવ કરે
ઘનશ્યામ જેવુ મેઘ સમ છે સ્વરૂપ સુંદર આપનું
વિશુદ્ધ મથુરા આપના સાનિધ્યમાં શોભી રહ્યું
સહુ ગોપ ગોપી વૃંદને ઈચ્છતી ફળ આપી રહ્યું
મમ કોડ સૌ પુરા કરો જયમ ધ્રૂવ પરાશરના કર્યા
વંદન કરું શ્રીયમુનાજીને શ્રીકૃષ્ણ આશ્રય આપજો...૪
શ્રીકૃષ્ણના ચરણો થકી શ્રી જાહ્નવી ઉત્પન્ન થયાં
સત્સંગ પામ્યા આપના ને સિદ્ધિ દાયક થઈ ગયા
એવું મહાત્મ્ય આપનું સરખામણી કોઈ શું કરે
સમકક્ષામાં આવી શકે સાગરસુતા એક જ ખરે
એવા પ્રભુને પ્રિય ! મારા હ્રદયમાં આવી વસો
વંદન કરું શ્રીયમુનાજને શ્રીકૃષ્ણ આશ્રય આપજો...૫
અદ્ભૂત ચરિત્ર છે આપનું વંદન કરું હું પ્રેમથી
યમ યાતના આપે નહિ મા ! આપના પયપાનથી
કદી દુષ્ટ હોઈએ તોય પણ સંતાન છીએ અમે આપના
સ્પર્શેન અમને કોઈ ભય છાયા સદા છે આપની



ગોપીજનોએ પ્રભુ પ્રિય બન્યા એવી કૃપા બસ રાખજો . ૬
શ્રીકૃષ્ણને પ્રિય આપ છો મમ દેહ સુંદર રાખજો
ભગવદ્ લીલામાં થાય પ્રિતી સ્નેહ એવો આપચો
જયમ આપના સંસર્ગથી ગંગાજી પુષ્ટિમાં વહ્યા
મમ દેહ શ્રીકૃષ્ણને પ્રિય થાય એવા રાખજો
વિરહાર્તિમાં હે ! માત મારા હ્રદયમાં બિરાજજો
વંદન કરું શ્રીયમુનાજીને શ્રીકૃષ્ણ આશ્રય આપજો...૭
હું આપની સ્તુતિ શું કરું માહાત્મ્ય અપરંપાર છે
શ્રી લક્ષ્મી વિષ્ણુ સેવવાથી મોક્ષનો અધિકાર છે.
પણ આપની સેવા થકી અદ્ભૂત જલક્રીડા તણાં
એ સ્નેહનું સુજ્ઞ દિવ્ય છે મન મારું એમાં સ્થાપજો
વંદન કરું શ્રી યમુનાજીને શ્રીકૃષ્ણ આશ્રય આપજો...૮
કોઈ સ્નેહથી કરશે સદા આ પાઠ યમુનાષ્ટક તણો
નિશ્વ પ્રભુને પ્રિય થાશે ને નાશ થાશે પાપનો
સિદ્ધિ સકલ મળશે અને શ્રી કૃષ્ણમાં વધશે પ્રીતિ
આનંદ સાગર ઉમટશે ને સ્વભાવ પણ જાશે જીતી
જગદીશને વહાલા અમારા વલ્લભાધીશ ઉચ્ચરે
વંદન કરું શ્રી યમુનાજીને શ્રીકૃષ્ણ આશ્રય આપજો...૯

# શ્રી વલ્લભ દેવ કી જે

શ્રી વલ્લભ દેવ કી જે
પ્રાણ પ્યારે કી જે
શ્રી વલ્લભ વિઠ્ઠલ ગોપીનાથ
દેવકીનંદન નંદકિશોર
શ્રી મોરલીધર માખણચોર
સુરદાસ, કૃષ્ણદાસ, જો પરમાનંદ, કુંભનદાસ
જો ચતુર્ભુજ નંદદાસ છીતસ્વામી શ્રી ગોવિંદ
વલ્લભ દેવકી જે, પ્રાણ પ્યારે કી જે
આચાર્ય શ્રી મહાપ્રભુજીકી જે
શ્રી ગોસાંઈજી પરમદયાળ કી જે
શ્યામસુંદર યમુને મહારાણી કી જે
શ્રી ગોવર્ધનનાથ કી જે શ્રી દ્વારકાધીશ કી જે
ચૌરાસી વૈષ્ણવ કી જે બસોબાવન ભગવદીય કી જે
અષ્ટ સખા કી જે અપને અપને ગુરુદેવ કી જે.
શ્રી વલ્લભકુળ પરિવાર કી જે આજકે આનંદકી જે
સર્વે આનંદ કરાનેવાલેકી જે
સર્વે ભગવદ મંડળીને જય શ્રી કૃષ્ણ.



# શ્રી અર્જુન ગીતા

શ્રીકૃષ્ણ કહે સાંભળ અર્જુન ભક્તિ વિષે તમે રાખો મન
ભક્તિ થકી અળગો નવ ખસું હૃદયકમળમાં વાસો વસું
મારી દેહ મારા ભક્તોને સહી તેમાં ભિન્ન ભેદ તમે જાણો નહિ
મને ભક્ત વહાલા છે ઘણું હું કારજ કરું સેવક તણું
ભક્ત તણું હું રક્ષણ કરું હસ્ત છાયા મસ્તક શિર ધરું
ભક્તિ ઉપર છે મારું મન ધેનુ ચરાવા ઈચ્છું વન
ખરો મિત્ર મૂકું નહિ ઘડી મને સેવકની ચિંતા ઘણી
ખાય ખર્ચે મુજ નિયમ કરી અક્ષય ભંડાર તેને આપું સહી
સુખ દુ:ખનો બાંધ્યો સંબંધ અક્ષર લખ્યા પહેલે દિન
મારું લખ્યું ફોગટ નવ થાય ચાહે દેશ મેલી પરદેશ જાય
મારી માયા કોઈ નવ લહે શ્રીફળમાં જેમ પાણી રહે
કોટી બ્રહ્માંડ ભાંગુ ને ઘડું એક પલકમાં હું પેદા કરું
જળ સ્થળ પૃથ્વી ને આકાશ સર્વ ભૂતલમાં મારો વાસ
જર તપ તીરથ મારું કરે એ સહુ નીર સાગરમાં ભરે
એવું જાણી જે મુજને ભજે મોહ માયા અહંકાર તજે
સર્વ લોકને સરખા જાણ કીડી કુંજર એક સમાન
રાત દિવસ હરિના ગુણ ગાય ત્યાં મારું મન પ્રસન્ન થાય

મને જે મન સોંપે તે ખરું તેની ઈચ્છા હું પૂર્ણ કરુ
એક તરફ ધન સીંચે દિન રાત તેને બાંધી આપે જમણે હાથ
મને સેવ્યાનું ફળ છે ઘણું વિમાન બેસાડી વૈકુંઠે મોકલું.
અર્જુન તું વહાલો છે ઘણું મુજની વાત તુજ આગળ કરું
ગીતાનો અર્થ હતો જેહ મેં તુજને સંભળાવ્યો તેહ
સહુ મળી લેજો હરિનું નામ રાતદિવસ ભજવા ભગવાન
તે માટે પ્રપંચથી પર હરો શ્રીકૃષ્ણ હૃદયમાં ધરો
કર જોડી કહે છે વલ્લભદાસ તમારે ચરણે અમારો વાસ





## એવું શ્રી વલ્લભ પ્રભુનું નામ

એવું શ્રી વલ્લભ પ્રભુનું નામ, અમને પ્રાણ પ્યારું છે
એવું શ્રી વિઠ્ઠલ પ્રભુનું નામ, અમને પ્રાણ પ્યારું છે
પ્રાણ પ્યારું છે, અમને અતિશય વ્હાલું છે
એવું શ્રી વલ્લભ પ્રભુનું નામ

પુષ્ટિ માર્ગ પ્રકટાવ્યો દૈત્યોનો તાપ નશાવ્યો
એવું શ્રી વલ્લભ પ્રભુનું નામ

સેવા માર્ગ ચલાવ્યો ભક્તિનો માર્ગ વિસ્તાર્યો
એવું શ્રી વિઠ્ઠલ પ્રભુનું નામ

મેવાડ મધ્યે બિરાજે જેનું સ્વરૂપ રાજે
એવું શ્રીનાથજીનું નામ

કાંકરોલી મધ્યે બિરાજે રૂડો રાયસાગર ગાજે
એવું શ્રી દ્વારકાધીશનું નામ

ગોકુલમાં ગૌધન જારી વૃંદાવન કુંજબિહારી
એવું શ્રી કૃષ્ણચંદ્રનું નામ અમને પ્યારું છે

પ્રાણ પ્યારું છે અમને અતિશય વહાલું છે.
એવું શ્રી વલ્લભ પ્રભુનું નામ

# ચતુઃ શ્લોકી

સર્વદા સર્વભાવેન, ભજનીયો વ્રજાધિપઃ
સ્વસ્યાયોમેવ ધર્મોહિ, નાન્યઃ ક્વાપિ કદાચન ।।૧।।
એવં સદા સ્મ કર્તવ્યં, સ્વયમેવ કરિષ્યતિ
પ્રભુઃ સર્વસમર્થો હિ, તતો નિશ્ચિન્તતાં વ્રજેત્ ।।૨।।
યદિ શ્રીગોકુલાધીશો, ધૃતઃ સર્વાત્મના હૃદિ
તતઃ કિમપરં બ્રૂહિ, લૌકિકૈર્વૈદિકૈરપિ ।।૩।।
અતઃ સર્વાત્મના શશ્વદ્, ગોકુલેશ્વરપાદયોઃ
સ્મરણં ભજનં ચાપિ, ન ત્યાજ્યમિતિ મે મતિઃ ।।૪।।
।। ઈતિ શ્રીમદવલ્લભાચાર્યવિરચિતા
ચતુઃશ્લોકી સંપૂર્ણ ।।



# પુષ્ટિમાર્ગના પાંચ તત્વો

પુષ્ટિમાર્ગના પાંચ તત્વ જે નિત્ય ગાય જી,
તેના જન્મ જન્મનાં પાપ સર્વે જાય જી.
પહેલું તત્વ શ્રી નવનીતપ્રિયાજી સુખકારી જી,
સમરો શ્રી મથુરાનાથ કુંજબિહારી જી.
શ્રી વિઠલેશરાય શ્રી દ્વારકેશરાય શ્રીગિરીધારી જી,
શ્રીગોકુલચંદ્રમાજી શ્રીમદનમોહન પર વારી જી.
બીજું તત્વ શ્રી વલ્લભકુળને ભજીએ જી,
કુંડ લોકલાજની કાન સર્વ તજીએજી
ત્રીજું તત્વ શ્રી ગોવર્ધનધર નિત્ય ગાય જી,
શ્રી નટવરલાલનું ગમતું સર્વે થાય જી.
ચોથું તત્વ શ્રીયમુનાજીને જાણો જી,
કરો સ્નાન જલને પાન એ સુખ માણો જી.
પાંચમું તત્વ શ્રીવ્રજભૂમિને ગાઈએ જી,
નિત્ય ઊઠી વૈષ્ણવજન પદરજ પાઈએ જી.
પાંચે તત્વનું ધ્યાન નિરંતર કીજે જી,
તો મન્વાંછિતનાં ફલ સર્વ લીજે જી.
પાંચે તત્વ શિવ શ્રી બ્રહ્માદિકને દુર્લભજી,
શ્રી વલ્લભપ્રભુ પ્રકટ પ્રમાણ કર્યા સર્વે સુલભ જી.
આ શોભા જોઈ હરિદાસ જાય બલિહારી જી,
એ લીલા ગાજો નિત્ય નર ને નારી જી.

## રાધે રાધે રટે

રાધે રાધે રટે ચલો આયેંગે બિહારી
આયેંગે બિહારી ચલો આયેંગે બિહારી
રાધે રાધે રટે ચલો આયેંગે બિહારી
રાધા મેરી ચંદ્રા, ચકોર હૈ બિહારી, રાધે રાધે...
રાધા રાણી મિશ્રી તો સ્વાદ હૈ બિહારી, રાધે રાધે...
રાધા રાની ગંગા તો ઘાટ હૈ બિહારી, રાધે રાધે...
રાધા રાની તન હૈ તો પ્રાણ હૈ બિહારી, રાધે રાધે...
રાધા રાની સાગર, તરંગ હૈ બિહારી, રાધે રાધે...
રાધા રાની મોહની તો મોહન હૈ બિહારી, રાધે રાધે
રાધા રાની ભોલી-ભાલી, ચંચલ હૈ બિહારી, રાધે રાધે
રાધા રાની નથની તો કંકણ હૈ બિહારી રાધે રાધે...
રાધા રાની મોરલી તો તાન હૈ બિહારી, રાધે રાધે...
રાધે રાધે રટે ચલો આયેંગે બિહારી...





## ઓ શ્રીનાથજી આવજો તમે

ઓ શ્રીનાથજી આવજો તમે વાટ જોઈ રહ્યા ક્યારના અમે
અનેક જન્મથી જીવ આથડે આપ શરણની ખબર ના પડે
આપ શરણ તો હૃદિયા વિષે
શ્રી મહાપ્રભુજી વિના ક્યાંથી દીસીએ
ચરણ શરણ તો આપનું ખરું જન્મ મરણનું દુઃખ તો ગયું
દાસ આપના જો હશે ખરા જન્મ મૃત્યુથી તે તરી જશે
દાસ ભાવથી સહુ તરી જશે દાસ આપના જો ખરા હશે
દાસ હોય તો કદી ન વિસરે ભય તજીને સર્વદા ફરે
દાસ વિઠ્ઠલેશ વિનંતિ વદે ઓ શ્રીનાથજી આવજો તમે.

# મટકી

જળ ભરવાને હું તો ગઈ, કે સામો મળ્યો કાનુડો
નજરો નજર એક થઈ કે સામો મળ્યો કાનુડો
આંખોના અણસારે મુજને બોલાવી
બાવરી બની હું તો ગઈ કે...
કાંકરી મારીને મારી મટુકી ફોડી
ન થવાની મારે થઈ કે...
પાલવડો ઝાલીને મને પૂછે પાતળીયો
તારે ને મારે શી સગાઈ કે...
નયણો ઢાળીને મેં તો કહી દીધું કાનમાં
ચૂંદડી ઓઢું બીજાની નહીં રે કે...
વૈષ્ણવોના શ્યામે મારી પ્રેમ કટારી
અંતરની આપલે થઈ કે...





# આજે યમુનાજી પધાર્યા મારે ઘેર

આજે આનંદની થાય લીલા લહેર રે
મારી માએ કરી છે મોટી મ્હેર રે
આજે આનંદની થાય લીલા લહેર રે
સોનાનો સૂરજ ઉગ્યો આંગણીએ
માડી પધાર્યા મારા ઉરની લાગણીએ
મારે હૈયા હરખના થાય રે
આજે આનંદની થાય લીલા લહેર રે
તોરણ ધજાઓ બાંધી બારણીએ
કુમકુમ ના સાથિયા પૂર્યા આંગણીએ
હું તો ફુલડા વેરાવું ઠેર ઠેર રે
આજે આનંદની થાય લીલા લહેર રે
સોળે શણગાર મારી માને સજાવું
સોળે શણગાર મારી માને સજાવું
સુંગધી પુષ્પોની માળા પહેરાવું
માની શોભા તણો નહિ પાર રે
આજે આનંદની થાય લીલા લહેર રે

ઉરના આસન પર માને પધરાવું

માખણ મિસરીના ભોગ ધરાવું

પછી સખીઓની સાથે લીલાલહેર રે

આજે આનંદની થાય લીલા લહેર રે

યમુનામાને દેખી મારી આંખલડી હરખાય છે

મંગળગીતો સૌ સખીઓ ગાય છે

વાગે વાગે શરણાઈઓના સૂર રે

આજે આનંદની થાય લીલા લહેર રે

સત્સગમાં મંડળમાં સર્વ જનો આવજો

પૂર્વજનમના પાપો સૌ બાળજો

સૌના મટી જશે ચોરાશીના ફેરા રે

આજ આનંદની થાય લીલા લહેર રે

વૈષ્ણવ મંડળની વિનંતી સ્વીકાર જો

તારા ચરણોમાં વહેલા બોલાવજો

અમને આપો શ્રી વ્રજમાં વાસ રે

આજે આનંદની થાય લીલા લહેર રે



## લાલાને માખણ ભાવે રે

કાનાનેં માખણ ભાવે રે, કાનાને મસરી ભાવે રે (૨)

ઘારી ધરાવુંને ઘુઘરા ધરું ને ઘેબર ભાવે રે (૨)

મોહન થાળને માલપુવા પણ (૨) માખણ જેવા નહી

કાનાને માખણ ભાવે..

શીરો ધરાવું, શીખંડ ધરુંને સુતરફેણી સહી.

ઉપર તાજા ઘી ધરું પણ (૨) માખણ જેવા નહીં.

કાનાને માખણ ભાવે....

જાતજાતના મેવા ધરાવું ને દુધ સાકરને દહીં

છપ્પન ભોગ સામગ્રી ધરું પણ (૨) માખણ જેવી નહી

કાનાને માખણ ભાવે....

સોળવાનાના શાક ધરાવું રે રાયતા રે રૂડા

ભાત ભાતની ભાજી ધરું પણ (૨) માખણ જેવા નહી.

કાનાને માખણ ભાવે....

એક ગોપીએ જમવાનું કીધું ને થાળ પીરસી ઉભી રહી.

વળતા વ્હાલા એમ વધ્યા પણ (૨) માખણ જેવા નહીં.

કાનાને માખણ ભાવે....

એક ગોપીએ માખણ ધર્યુંને હાથ જોડી ઊભી રહી

દીનાનાથ તો રીઝ્યા ત્યારે (૨) નાચ્યા થઈ થઈ થઈ

કાનાને માખણ ભાવે....

# શ્રીજી આવો તે રંગ

શ્રીજી આવો તે રંગ મને શીદ લગાડ્યો,
બીજો ચડતો નથી એકેય રંગ વિઠ્ઠલનાથ... આવો તે.
હું તો વ્રજમાં ગઈ ને મારું મન મોહ્યું,
મારી જાગી પૂર્વની પ્રીતિ વિઠ્ઠલનાથ..આવો તે.
મારે રહેવું અહિંયાને મેળ તારો થયો,
હવે કેમ કરી દહાડા જાય વિઠ્ઠલનાથ... આવો તે.
રંગ છાંટ્યો તો છાંટી હવે પૂરો કરો,
નિત્ય તમારા દર્શન થાય તમારા વિઠ્ઠલનાથ.. આવો તે.
રંગ છાંટ્યો એવો કે મારું હૈયું રંગ્યું,
હૈયું રહેતું નથી હવે હાથ વિઠ્ઠલનાથ... આવો તે.
તારું મુખડું જોઈને મારું મન મોહ્યું
મારા તૂટે છે દિલડાનાં તાર વિઠ્ઠલનાથ.. આવો તે.
દાસ વૈષ્ણવને આશરો તમારો
તેણે સર્વે સમર્પણ કીધું વિઠ્ઠલનાથ... આવો તે.
શ્રીજી પ્રગટ મળો ને મારા પાપ બળે,
ભાંગે જન્મોજન્મની ભીડ વિઠ્ઠલનાથ.. આવો તે.
શ્રી વલ્લભના સ્વામી શામળા
અમને દેજો શ્રી વ્રજમાં વાસ વિઠ્ઠલનાથ.. આવો તે.



# થાળ સાત વારના

શ્રીનાથજીના શ્રીજીબાવા તમે જલ્દી જમવા આવોને
સાત દીનના સાત ભોજનીયા જલ્દી જમવા આવોને
સોમવારે સુતરફેણી તમે જલ્દી જમવા આવો ને
મંગળવારે મગસપૂરી તમે જલ્દી જમવા આવો ને
બુધવારે બરફીપેંડા જલ્દી જમવા આવોને
ગુરુવારે ગેબર પુરી જલ્દી જમવા આવોને
શુક્રવારે શક્કરપારા તમે જલ્દી જમવા આવો ને
શનિવારે સેવ સુવાળી જલ્દી જમવા આવો ને
રવિવારે રસપુરી તમે જલ્દી જમવા આવોને
સાત દિવસના સાત ભોજનીયા જલ્દી જમવા આવો ને
શ્રીનાથજીના શ્રીજીબાવા તમે જલ્દી જમવા આવોને
જળ જમુનાની ઝારી ભરાવું આચમન કરવા આવોને
લવીંગ સોપારીને એલચી તમે મુખવાસ કરવા આવોને
શ્રીનાથજીના શ્રીજીબાવા તમે જલ્દી જલ્દી આવજો.

# પ્રાણ થકી મને વૈષ્ણવ પ્યારા

પ્રાણ થકી મને વૈષ્ણવ પ્યારા
રાત દિવસ હૃદિયે ભાસુ રે વાલા...
તપ તીર્થ વૈકુંઠ મૂકીને
મારા વૈષ્ણવ હોય ત્યાં જાઉં રે...
અંબરીષ રાજા મને અતિ ઘણા વહાલા
દુર્વાસાએ માન ભેગું કીધું રે...
મેં મારું અભિમાન તજીને
ચક્ર સુદર્શન વારી લીધું રે વાલા...
ગજને ચારે હું તો પાળો પળિયો
હરિજનની સુદ લેવા રે વ્હાલા...
ઊંચને નીચના ભેદ ન જાણું
મુજને ભજે તે મુજ ને વાર વ્હાલા...
લક્ષ્મીજી રે અર્ધાંગીની મારી
તે મારા વૈષ્ણવની દાસી રે...
અડસઠ તીરથ મારા વૈષ્ણવના ચરણે



કોટી ગંગા ને કોટી કાશી રે વાલા...
વૈષ્ણવ ચાલે ત્યાં હું આગળ ચાલું
વૈષ્ણવ સુએ ત્યાં જાગું રે વ્હાલા
જે મારા વૈષ્ણવની નિંદ્રા રે કરશે
કુળ સહિત હું ભાગું રે વાલા...
મારા રે બાંધ્યા વૈષ્ણવ છોડે
વૈષ્ણવે બાંધ્યા જો નવ ઘુરે રે વાલા...
એકવાર વૈષ્ણવ મુજને બાંધે
તો તે બંધન નવ છુટે રે વાલા...
બંસીને ગાય તો હું ઊભો સંભાળું
ઊભો ઊભો ગાય તો હું નાચું રે વાલા...
વૈષ્ણવથી પણ નથી અળગો
ભણે નરસૈયો સાચું રે વાલા...

# એકાદશીનાં ભજનો

## ધન્ય એકાદશી થાળ

ધન્ય એકાદશી (૨) એકાદશી કરીએ તો વૈકુંઠ પામીએ
મારે એકાદશીનું વ્રત કરવું છે, મારે ધ્યાન હરીનું ધરવું છે
મારે વૈકુંઠમાં જઈ ઠરવું છે , ધન્ય એકાદશી..
મારે એકાદશીનું વ્રત સારું છે એ તો પ્રાણજીવનને પ્યારું છે
એ તો વૈકુંઠે લઈ જનારું છે, ધન્ય એકાદશી....
જે કોઈ બારમાસ કરશે એકાદશી, તેના અંતરમાં વસે અવિનાસી
નહિ કરશે તે જશે હાથ ઘસી, ધન્ય એકાદશી...
મારે ગંગા ઘાટે જાવું છે, મારે જમુના જળમાં નાહવું છે
મારે ભવસાગર કરી જાવું છે, ધન્ય એકાદશી....
જેણે એકાદશીના વ્રત કીધાં છે, તેના પાંચ પદારથ સિધ્યા છે.
તેણે પ્રભુને પોતાના કરી લીધાં છે. દંડ દુર્વાસાએ દીધાં છે
રસ કલ્યાણરાયે પીધાં છે ધન્ય એકાદશી..



## ઉત્તમવ્રત એકાદશી

ઉતમ વ્રત એકાદશી સાહેલી રે આજ મારે ઉપવાસ
જમુનાજી જઈએ ઝીલવા સાહેલી રે
રંગીલી ગલી રળિયામણી સાહેલી રે
વૈષ્ણવની ભીડાભીડ જમુનાજી......૧
સરખી સૈયર ટાળે મળી, સાહેલી રે,
હૈયે હરખ ન માય, જમુનાજી.....(૨)
વહુ બેટી હાંડે મલપતા સાહેલી રે,
સૌ કોને દર્શન થાય જમુનાજી.....(૩)
સાકર કેમ કરા પડચા સાહેલી રે
દુધડો વરસ્યા મેહ, જમુનાજી.....(૪)
ગોકુળ રળિયામણું, સાહેલી રે,
સુંદર જુમનાજીના નીર, જમુનાજી....(૫)
જમુનાજીમાં ઝીલતા સાહેલી રે
છુટા મેલ્યા કેશ કે જમુનાજી...(૬)
વ્રજવાસી સામા મળ્યા સાહેલી રે,
હરખે સાહીજી વેશ, જમુનાજી..(૭)
પરસાદ મેલ્યો મોકળા સાહેલી રે,
ઠારે તણો નહીં પાર, જમુનાજી.....(૮)
માધવદાસની વિનતી સાહેલી રે,
આપો વ્રજમાં વાસ, જમુનાજી...(૯)

## આવો મહારાણી

આવો મહારાણી શું કરું મહેમાની
ઘર તમારું જાણી આવો મહારાણી
તોરણીયો બંધાવું, દ્વારે સાથિયા પુરાવું
સખીયો બોલાવું રૂડાં મંગળ ગીત ગવડાવું.
....આવો
શ્રીજી બાવાને સાથે લાવો, રૂડી કરજો મહેર
યુગલ સ્વરૂપનું દર્શન કરતાં થાશે લીલા લહેર.
....આવો
અંતરમાં અજવાળું કરી, આસન પર પધરાવું
સ્નેહભરી સામગ્રીને, કેસરીયા દૂધ પાઉ.
....આવો
પૂજા કરું આરતી કરું પાયે હું તો લાગુ
ગુણલા તારા ગાયા કરુ ને સારી રાત જાગું.
....આવો
દાસી તારી વિનવે માડી, કૃપા તારી થાય જો
ભકિત રસનું દાન કરો, ભવસિંધુ તરાય જો.
....આવો



## રાધે રાધે ગોવિંદ રાધે

રાધે રાધે ગોવિંદ રાધે, ગોપાલ રાધે... (૨)
ગોકુલ મેં રાધે, નંદગામમેં રાધે... (૨)
રાધે રાધે ગોવિંદ ગોપાલ રાધે... (૨)
વૃંદાવનમેં રાધે, બરસાનેમેં રાધે... (૨)
દાનગઢમે રાધે, માનગઢમેં રાધે... (૨)
રાધે રાધે ગોપાલ, ગોવિંદ રાધે... (૨)
ભવરવનમેં રાધે, મોરકુટમેં રાધે... (૨)
રાધે રાધે ગોવિંદ ગોપાલ રાધે... (૨)
વૈષ્ણવજનમેં રાધે, સર્વ જગત મેં રાધે (૨)
રાધે રાધે ગોવિંદ, ગોપાલ રાધે.. (૨)
ગોકુલમેં રાધે, નંદગાવમેં રાધે...
નંદગાંવમેં રાધે, વૃંદાવનમેં રાધે...
બરસાનેમેં રાધે, દાનગઢમેં રાધે...
મોરકુટમેં રાધે, વનરાવનમેં રાધે,
બરસાનેમેં રાધે, સર્વજગતમેં રાધે,
રાધે, રાધે, રાધે, રાધે, રાધે, રાધે,...
જય જયશ્રી રાધે...

## મારો ચાર પૈડાનો રથ

મારો ચાર પૈડાનો રથ ઘુઘરી ઘમકે છે.
હાંકો હાંકો શ્રીજી બાવા રથ ઘુઘરી ઘમકે છે.
મારે મેવાડ ગામે જાવું છે મારે શ્રીજીબાવાને મળવું છે.
ખોલો ખોલો શ્રીજી બાવા દ્વાર ઝાંખી કરવી છે.
મારે ગોકુળ ગામે જાવુ છે મારે વ્રજ પરિક્રમા કરવી છે
મારે જતીપુરા ગામે જાવું છે
ખોલો ખોલો ગિરિરાજ દ્વાર ઝાંખી કરવી છે. મારો-
મારે ભાઈબીજ નહાવા જાવું છે.
ખોલો ખોલો યમુનામાના દ્વાર યમુનાપાન કરવા છે. મારો-
મારે ચંપારણ્યની યાત્રા કરવી છે શ્રી મહાપ્રભુજીને મળવું છે.
મારે ઝારી ચરણસ્પર્શ કરવા છે.
મારે કાંકરેલી ગામે જાવું છે મારે રાયસાગરમાં નહાવું છે.
મારે દ્વારકાધીશને મળવું છે
ખોલો ખોલો દ્વારકાધીશ દ્વાર ઝાંખી કરવી છે-મારો
મારે કામવન ગામે જાવું છે મારે ગોમતીજીમાં નહાવું છે
મારે ડાકોર ગામે જાવું છે મારે ગોમતીજીમાં નહાવું છે.
મારે રાજા રણછોડને મળવું છે
ખોલો ખોલો રણછોડરાય દ્વાર દર્શન કરવા છે-મારો
મારે આણંદ ગામે જાવું છે
મારે દ્વારકાધીશને મળવું છે
ખોલો ખોલો દ્વારકાધીશ દ્વાર દર્શન કરવા છે - મારો



## કોડે કોડે એકાદશી

કોડે કોડે એકાદશી કીજીએ રે,
એવું વ્રત જાવા નવ દીજીએ રે...
એ વ્રત કરે તે ધન્ય માનવી રે,
તે તો નાહ્યો કોટીક વાર જાહ્નવી રે...
જેણે વચન પ્રમાણે વ્રત આદર્યું રે
તેણે કાર જ પોતાનું સર્વે કર્યું રે...
એનો મહિમા મુનિવર ગાય છે રે
અવિનાશી મળ્યાનો ઉપાય છે રે...
બ્રહ્માનંદ કહે એમાં હરિ રહ્યા વસી રે
કિધી ઉધ્ધવ પ્રમાણે એકાદશી રે...



## મોગરાના ફૂલ

મોગરાના ફુલ સખી મોગરાના ફુલ
શ્રીજીને પ્યારા બહુ મોગરાના ફુલ...

લક્ષ્મીવાડી શ્રીજીની રૂડી રળિયામણી
પુષ્પો લેવાને હું તો પ્રેમથી ચાલી,
ખીલ્યાં ખીલ્યાં ત્યાં તો મનગમતાં ફુલ....શ્રીજી
ડોલર ગુલાબ ગુલ ચંપો ચમેલી
કેતકી કરેણ જાઈ જુઈ અલબેલી
મોગરાની પાંખડીમાં સૌરભ અનુપ....શ્રીજી

ફુલડે ફુલડે રે નામ શ્રીજીનું લીધું
વીણી વીણીને મારું મનડું મોહી લીધું
એકસોને આઠ ચૂંટ્યા મોગરાના ફુલ......શ્રીજી

મોગરાની માળા ગૂંથી માવકવીરાયે
કાવ્યની કુસુમ માળ કદી નવ કરમાયે
વિણગુણ એ માળા તણું મૂલ છે અમુલ...શ્રીજી

સ્વાગતમ્‌નો અર્થ થાય છે સુ-સારૂં આગમન.



## એળે ના જાય જોજો

એળે ના જાય જોજો, અવતાર માનવીનો.
જો જો ગુમાવશો ના, વિશ્વાસ માનવીનો.
એવું અમૂલ્ય જીવન, તુજને મળ્યું છે માનવ.
ભગવાન ખુદ ધરે છે, અવતાર માનવીનો.
એવા ન વેણ કાઢો, જેથી દિલમાં ઠેસ વાગે.
વાણી ઉપર બધો છે, વ્યવહાર માનવીનો.
ભક્તિથી તારી માનવ, પથરાંઓ પણ તરે છે.
મુશ્કિલ છે પ્રાપ્ત કરવો, એક પ્યાર માનવીનો.





સુદર્શન ચક્રનો અર્થ સુ-સારૂં દર્શન કરો તો ચક્ર (ચક્કર)માંથી છૂટી જશો.

## ધીરે ધીરે મંદિર જાવા દે મને

ધીરે ધીરે મંદિર જાવા દે મને જાવા દે
શ્રીનાથજી રૂડુધામ છે જ્યાં શ્રીજીબાવાના ધામ છે
વારે વારે ઝાંખી કરવા દે કરવા દે મને કરવા દે....ધીમે....
કાંકરોલી ધામના મારે જાવું છે
મારે રાયસાગરમાં ન્હાવું છે
દ્વારકાધીશના દર્શન કરવા દે કરવા દે ને કરવા દે....ધીરે...
ગોકુળ બહુ દુર ધામ છે ત્યાં કૃષ્ણ કનૈયાનો વાસ છે
કનૈયાને લડાવવા દે માખણ મિસરી ધરવા દે
ધરવા દે મને ધરવા દે.. ધીરે........
કાનુડાની ઝાંખી કરવા દે મને કરવા દે.....ધીમે......
જતીપુરા સુંદર ધામ છે ત્યાં ગોવર્ધનનાથ બીરાજે છે
જલેબીના ભોગ ધરવા છે ધોતી ઉપરણા ધરવા છે
ગિરીરાજની પરિક્રમા કરવા છે કરવા છે મને કરવા છે..ધીરે
યમુનાજીના દર્શન કરવા છે માતાના ખોળે ખેલવું છે
યમુના પાન કરવા દે કરવા દે મને કરવા દે..ધીરે......
ચંપારણ રૂડાધામ છે ત્યાં મહાપ્રભુજીનો વાસ છે
ધોતી ઉપરણાં ધરવા છે મેવા મિસરી ધરવા છે
વારે વારે ચરણસ્પર્શ કરવા દે મને કરવા દે
વ્રજમાં વાસ મને દેજો રે દેજો રે મને દેજો રે..ધીરે.....



## સાહેલી તું ક્યાં જઈ આવી

સાહેલી તુ ક્યાં જઈ આવી વનરાવનની મોરલી
સાહેલી હું તો મથુરા ગ્યાતી વૃંદાવનની મોરલી
યમુના માને મળતી આવી યમુનાપાન કરતી આવી
ચૂંદડી મનોરથ કરતી આવી વૃંદાવનની મોરલી
સાહેલી હું તો ગોકુળ ગ્યાતી વૃંદાવનની મોરલી
ગોકુળ ગામમાં જાતી આવી કનૈયાને મળતી આવી
રાસ રૂડો રમતી આવી રાધાજીને મળતી આવી
વૃંદાવનની મોરલી...સાહેલી..
જતીપુરામાં જાતી આવી ગિરિરાજીને મળતી આવી
દૂધની ધારા કરતી આવી વૃંદાવનની મોરલી..સાહેલી
મેવાડ ગામે જાતી આવી શ્રીજીબાવાને મળતી આવી
મંગળા ઝાંખી કરતી આવી વૃંદાવનની મોરલી..સાહેલી
ચંપારણમાં જાતી આવી વલ્લભપ્રભુને મળતી આવી
ધોતી ઉપરણાં ધરતી આવી...
મેવા મિસરી ધરતી આવી ઝારી ચરણસ્પર્શ કરતી આવી...
વૃંદાવન...સાહેલી....
કાંકરેલી ગામે જાતી આવી રાયસાગરમાં નહાતી આવી
દ્વારકાધીશને મળતી આવી સૌ સખીઓને મળતી આવી
સંત્સંગરુડો કરતી આવી વૃંદાવન.....સાહેલી.....

# કાગળ લખું શ્રીનાથજી

કાગળ લખું શ્રીનાથજી વાંચી વિચારજો
જો યોગ્ય લાગે તો પ્રભુ અમને તેડાવજો
સાધન ન જાણું કાંઈ, સેવા ન કરતો
તું જ નામને ભૂલીને, માયામાં મૂંઝાતા
ભમતી આ ચિતવૃતિને ચરણોમાં રાખજો..જો યોગ્ય
મનમાં ન નામ આવે, હૈયે ન નામ આવે.
વિષયોમા રહી રાચી સતસંગમાં ન આવે
જેવો તેવો છું નાથજી તમે નિભાવજો...જો યોગ્ય
શુધ્ધ પ્રેમનો ભૂખ્યો છે તું. હું જાણું છું સદા,
તારી કૃપા વિના ન તું આવતો કદા
આ પ્રેમના અંકુર અમ ઉર ધરજો....જો યોગ્ય
મનડું તો ખુબ ચાહે તુજ પાસ આવવા,
સંજોગ નથી દેતા ઈચ્છાને પામવા,
મરજી પડે તો નાથ આ અરજી સ્વીકારજો...જો યોગ્ય
શ્રીનાથજી અમે તમારે ધામ આવશું,
ઉત્સવ કરીને હૈયે આનંદ માનશું,
જો ભુલચુક હોય તો તમે સુધારજો...જો યોગ્ય
લિખિતન તમારા ભકતના દંડવત પ્રણામ
પ્રેમે સ્વીકારી લેજો અવિનાશી રે તમામ
કૃપા કરી શ્રીનાથજી ઝાંખી કરાવજો...જો યોગ્ય



# શ્રીજીના શરણે જે જાય

શ્રીજીના શરણે જે જાય
ફેરો એનો સફળ થઈ જાય
પુષ્ટિના પંથે જે જાય....ફેરો એનો સફળ થઈ જાય
મનુષ્ય દેહ એ તો અમુલો લ્હાવો છે
શ્રીજીનું શરણું તો તરવાનું નાવ છે
ભવસાગર તરી એ જાય...ફેરો એનો સફળ
ભવભવના બંધનથી વલ્લભ છોડાવશે
હૈયાના તારને હરિથી જોડાવજો
વલ્લભનો દાસ બની જાય......ફેરો એનો સફળ
શ્રધ્ધાની દોરીથી શ્રીજી બંધાય છે
પ્રેમતણા બંધનથી છૂટચું ના છૂટાય છે
પ્રભુ જેને પરવશ થઈ જાય....ફેરો એનો સફળ
પ્રાણ થકી પ્યારા છે જેને શ્રીનાથજી
સેવા અને સ્મરણ બે કરતાં જે ભાવથી
ગોપીઓ તો બડભાગી થાય
ફેરો એનો સફળ થઈ જાય

## શ્રીમદ્ વલ્લભ કહો

શ્રીમદ વલ્લભ કહો શ્રીમદ વલ્લભ કહો
શ્રીમદ વલ્લભ કહો શ્રીમદ વલ્લભ કહો
વલ્લભ નામ વિના ઉદ્ધાર નહીં (૨)
શ્રીમદ પ્રભુના વિના ઉદ્ધાર નહીં
શ્રીમદ વલ્લભ કહો, વલ્લભ નામ વિના ઉદ્ધાર નહીં (૨)
શ્રીનાથજી વિના બીજું શરણ નહીં
વિઠ્ઠલેશ વિના વિશ્રામ નહીં (૨)
મથુરેશ વિના મને ગમતું નથી
નવનીતલાલ વિના નવધા ભકિત નથી (૨)
શ્રીમદ વલ્લભ કહો શ્રીમદ વલ્લભ કહો
વલ્લભ નામ વિના ઉદ્ધાર નહીં (૨)
દ્વારકાધીશ વિના ઉદ્ધાર નહીં (૨)
ગોકુળનાથ વિના ગિરીરાજ નહી (૨)
ગોકુળચંદ્ર વિના રાસવિલાસ નહીં
કૃષ્ણ વિના કોઈ પ્રબળ નહીં (૨)
શ્રીમદ વલ્લભ કહો શ્રીમદ વલ્લભ કહો
વલ્લભ નામ વિના ઉદ્ધાર નહીં (૨)



## મને ગમે રે શ્રીનાથજીનાં ધામમાં

મને ગમે રે શ્રીનાથજીના ધામમાં
દર્શન મંગળાના થાય (૨)
વ્હાલો મારો માખણ મિસરી ખાય
મને ગમે રે શ્રીનાથજીના ધામમાં
દર્શન શણગારના થાય (૨) શોભે ગોવર્ધન નાથ
મને ગમે રે શ્રીનાથજીના ધામમાં
દર્શન ગ્વાલ બાલના થાય (૨)
વ્હાલો મારો ધેનું ચરાવવા જાય
મને ગમે રે શ્રીનાથજીના ધામમાં
દર્શન રાજભોગના થાય (૨) વિવિધ સામગ્રી ધરાય
આરોગ ગોવર્ધન નાથ ને ગમે રે શ્રીનાથજીના ધામમાં
દર્શન ઉત્થાપનના થાય (૨) રૂડો શંખનાદ થાય
વૈષ્ણવ દોડી દોડી જાય મને ગમે રે શ્રીનાથજીના ધામમાં
દર્શન સંધ્યા આરતીના થાય વાલો મારો ગિરીરાજ જાય
મને ગમે રે શ્રીનાથજીના ધામમાં
દર્શન વૈષ્ણવના થાય (૨)
રૂડો સંત્સંગ થાય હૈયે હરખ ન માય
મને ગમે રે શ્રીનાથજીના ધામમાં

# ચપટી ભરી ચરણામૃતને

ચપટી ભરી ચરણામૃતને કંઠી છે કંઠમાં
નિત્ય સેવા મનોરથ કરીએ રે
હાલો હાલોને નાથદ્વાર જઈએ રે
નાથદ્વાર ધામમાં શ્રીનાથજી બિરાજે
વૈષ્ણવોને દર્શન આપો રે..વ્હાલો હાલોને..
શ્રીનાથજી શ્રીયમુનાજી એક સ્વરૂપ છે
શ્રીનાથજી શ્રીમહાપ્રભુ એક સ્વરૂપ છે
ત્રણે નિધિ સમરીએ રે....હાલો હાલોને..
દેશ પરદેશના વૈષ્ણવો આવે
વ્હાલાજીને લાડ લડાવે રે...હાલો હાલોને..
કમલ ચોકમાં આનંદ આવે
ત્યાં તો વૈષ્ણવોની ભીડાભીડ રે... હાલો હાલોને...
શ્રીનાથજીનું મંદિર ઝાકમઝોળ છે
શોભા તણો નહિ પાર રે...હાલો હાલોને...
વૈષ્ણવમંડળની વિનંતી સ્વીકારીજો
રાખો ચરણની પાસે રે..હાલો હાલોને....



# મારા શ્રીનાથજીનો લટકો

મારા શ્રીનાથજીનો ભારે છે લટકો
એ લટકાનો ભારે છે ભપકો હાથ એક ઉંચો રાખતો જાય
વૈષ્ણવોને દુરથી બોલાવતા જાય
વાંકો મુગટ એના શિર પર શોભે ભાલે કુમકુમનું તિલક ઓપે
મુખ પર મોરલી રાખતો જાય મીઠા સુર વ્હાલો છેડતો જાય.. મારા..
જમુનાને તીરે વ્હાલો ધેનું ચરાવતો
કામળીને લાકડી સાથે એ રાખતો
પીળું પીતાંબર પહેરતો જાય ઉપરણું ઉપર ઉડતું જાય..મારા..
કેડે કંદોરો ને કટી મેખ શોભે
પાયે તે ઝાંઝર ઝીણા ઝીણા ઓપે નાચતો જાય ને નચાવતો જાય
ગાયો તે વનમાં ચરાવતો રે જાય..મારા
જળ ભરવા જાઉં ત્યારે પૂંઠે પૂંઠે આવતો
નજર ચુકાવી મારું બેડલું રે ફોડતો હરખાતો જાય ને મલકાતો જાય
નવરંગ ચૂંદડી ભીંજવતો જાય..મારા..
વૈષ્ણવ મંડળના સ્વામી શામળીયા
નિત નિત એના ગુણલા રે જાય
ગાતા રે જાય ગવડાવતા રે જાય
ચરણોમાં શીશ નમાવતા રે જાય..મારા...

# શ્રી ગોવર્ધનધારી મારા વ્હાલા

શ્રી ગોવર્ધન ધારી મારા વ્હાલા
છો વ્રજના અધિકારી મારા વ્હાલા ..શ્રીગોવર્ધન...
વ્રજ મંદિર રળીયામણા રે
દર્શન કરવા જઈશું મારા વ્હાલા..શ્રીગોવર્ધન
મદન મોહનજીની મૂર્તિ રે
આંખડી શીતળ થાય મારા વ્હાલા..શ્રીગોવર્ધન
જમુનાજી રળીયામણા રે
જમુના ઝીલવા જઈશું મારા વ્હાલા...શ્રીગોવર્ધન
જમુનાજીમા ઝીલવા રે
છુટચા મેલા કેશ મારા વ્હાલા...શ્રીગોવર્ધન
રમણ રેતીમાં લોટતા રે
તુટચો મારો નવસેરો હાર મારા વ્હાલા.શ્રીગોવર્ધન
મોતી રે સઘળા વેરાઈ ગયા રે
હીરલો લાગ્યો હાથ મારા વ્હાલા..શ્રીગોર્વધન
કેમ વીણુને કેમ સંચરુ રે
કેમ કરી ઉત્તર દઈશ મારા વ્હાલા...શ્રીગોવર્ધન



હાથ વીણુંને ખોળે સંચરુ રે
મુખડે ઉત્તર દઈશ મારા વ્હાલા...શ્રી ગોવર્ધન
ગોકુળની ગલીઓ સાંકડી રે
વૈષ્ણવની ભીડાભીડ મારા વ્હાલા. શ્રીગોવર્ધન
બહુ બેટી હીંડે મલપતા રે
સૌ કોઈને દર્શન થાય મારા વ્હાલા
પ્રસાદ મેલ્યા મોકડા રે
થોર તણો નહીં પાર મારા વ્હાલા..શ્રીગોવર્ધન
સાકર કેરા કરા પડચા રે
દૂધડે વરસ્યા મેહ મારા વ્હાલા..શ્રીગોવર્ધન
માધવદાસની વિનંતી રે
દે જો શ્રી વ્રજમાં વાસ મારા વ્હાલા..
શ્રીગોવર્ધનધારી મહારાજ



## તમારો જયજયકાર યમુના મહારાણી

તમારો છે જયજયકાર યમુનામહારાણી
તમારી લીલાનો નહીપાર યમુનામહારાણી
વિશ્રામ ઘાટે આરતી થાયે
આરતી થાય ને નોબત વાગે
દઈ દયોને દર્શનના દાન યમુનામહારાણી...
તમારો છે..
માથે મુગટ તારા કાનોમાં કુંડળ
નાકે છે નથણીમાં હાથે છે કંકણ
કંઠે એકાવન હાર યમુનામહારાણી...
તમારો છે..
લાલ કસુંબલ ચુંદડી છે તારી
પાયે ઝાંઝરની શોભા છે સારી
તારું મુખડું છે લાલ ગુલાબ યમુના મહારાણી..તમારો છે..
જનમો જનમથી શોધી રહી છું
યાદોમાં તારીમાં રોતી રહી છું
વૈષ્ણવનો પકડી લેજો હાથ શ્રીયમુના મહારાણી
તમારો છે જય જયકાર યમુના મહારાણી



## સોનાની ઘંટી

મારા શ્રીનાથજીને સોનાની ઘંટી, એમાં દળાય નહીં બાજરો બંટી
કેસર દળું તો ચંદન થાય, એલચી દળું તો મ્હારો કાનો ખાય
મારા શ્રીનાથજીને સોનાની ઘંટી...
માડી તારા કાનાને એવી કુટેવ,
હાલતો જાય, ચાલતો જાય, લાકડીને કામળી લેતો જાય
...મારા
હઠ કરીને એ માખણિયાં માગે, માખણ આપું ત્યારે મિસરી માગે,
ખાતો જાય, ખવડાવતો જાય, ઘરમાં માખણિયાં ઉડાડતો જાય.મારા
દસબાર ગોવાળોને સંગે લઈને, વ્રજમાં ફરે એ તો દીવાનો થઈને
કાળી કાળી કામળી ઓઢતો જાય, ગોપીઓનાં વસ્ત્રો ખેંચતો જાય
...મારા
માતા જશોદા અમે ક્યાં જઈ રહીએ, ગોકુળિયું મેલી અમે ક્યાં વાસ કરીએ,
એ તો રાવ ગોપીઓ કરતી જાય, કાનાને સાનમાં સમજાવતી જાય
... મારા
સત્સંગ હોય ત્યાં આવીને બેસે, કોઈના જાણે એવા છૂપા રે વેશે,
ડોલતો જાય, ડોલાવતો જાય, વૈષ્ણવોને દર્શન દેતો જાય..મારા
વલ્લભના સ્વામીને ઝાઝું શું કહેવું, મારે નથી કાંઈ લેવું કે દેવું
મનમાં હતી એક જ આશ, અમને દેજો વ્રજમાં વાસ,
મારા શ્રીનાથજીને સોનાની ઘંટી...

## રાસ

કાના રે કાના દુર મત જાના (૨)
ગોકુળ કી ગલિયા છોડકે..એ...એ.. કાના રે કાના રે....
મથુરા મેં જાના તેરા અચ્છા નહિ
માખણ ચુરાતા તેરા અચ્છા નહિ
મથુરા મેં જાઉગાં
માખણ ચુરાઉગાં ગોકુળ કી ગલિયા છોડકે..એ...એ..
કાના રે કાના રે...
વૃંદાવન જાના તેરા અચ્છા નહિ
રાસ રચાના તેરા અચ્છા નહિ
વૃંદાવન જાઉંગા
રાસ રચાઉંગા ગોકુલ કી ગલિયા છોડકે..એ...એ..
કાના રે કાના રે...
બરસાના જાના, તેરા અચ્છા નહિ
હોલી ખેલના તેરા અચ્છા નહિ
બરસાના જાઉંગા
હોલી ખેલાઉગાં ગોકુલ કી ગલિયા છોડકે..એ...એ..
કાના રે કાના રે.....
જતીપુરા જાના તેરા અચ્છા નહિ
ગોવર્ધન ઉઠના, તેરા અચ્છા નહિ
જતીપુરા જાઉગા
ગોવર્ધન ઉઠાઉગા ગોકુલ કી ગલિયા છોડકે..એ...એ..



## શ્રીજી બાવાએ કૃપા કરી ત્યારે

શ્રીજી બાવાએ કૃપા કરી ત્યારે
આંગણ અવસર આવ્યો રે...
આંગણ અવસર આવ્યો મારા વ્હાલા
આંગણ અવસર આવ્યો રે...
શ્રીનાથજી પધાર્યા ને યમુનાજી પધાર્યા
મહાપ્રભુજી પધાર્યા રે...
ફુલડે વધાવું ને મોતીડે વધાવું, ચોખલીએ વધાવું રે....
ગલીએ ગલીએ ફુલડાં વેરાવું, વાજીંત્રો વગડાવું રે...
શરણાઈઓના સુરે મારા વ્હાલા, આંગણ...
થાળ ભરીને સામગ્રી ધરાવું, માખણ-મિસરી ધરાવું રે...
જળ જમુનાની ઝારી ભરાવું, આંગણ...
વહુજી પધાર્યા ને બેટીજી પધાર્યા, વલ્લભકુળ પધાર્યા રે...
મંગળ ગીતડા ગવડાવું મારા વ્હાલા, આંગણ...
હું હરખાતી ઘેલી બનીને, કોને કહેવા જાઉં રે
રાસની રમઝટ જામી મારા વ્હાલા, આંગણ...
નાચી કુદીને ગાઉં મારા વ્હાલા, આંગણ...

## મારો કનૈયો પ્યારનો સાગર

મારો કનૈયો પ્યારનો સાગર

હરતો જાય ફરતો જાય ગોપીઓને ઘેલી કરતો જાય

મારા કનૈયાને સોનાની મોરલી

હરતો જાય ફરતો જાય સૌનાં દિલડાં હરતો જાય

મારા કનૈયાને કાનોમાં કુંડળ

હરતો જાય ફરતો જાય કાનોમાં કુંડળ ડોલાવતો જાય

મારા કનૈયાને પગમાં ઝાંઝરા

હરતો જાય ફરતો જાય રૂમઝુમ ઝાંઝર વગાડતો જાય

મારા કનૈયાને એવી છે ટેવ

હરતો જાય ફરતો જાય મહીંની મટકી ફોડતો જાય

મારા કનૈયાને માખણીયા ભાવે

હરતો જાય ફરતો જાય ઘડી ઘડી માખણ ચાટતો જાય

મારા કનૈયાને વાલી છે ગાયો

હરતો જાય ફરતો જાય વનમાં ગાયો ચરાવતો જાય

મારો કનૈયો જગતનો નાથ છે

આવતો જાય, મળતો જાય, ભક્તોને દર્શન દેતો જાય.



## ઘણી ખમ્મા ઘણી ખમ્મા

ઘણી ખમ્મા ઘણી ખમ્મા, ઘણી રે ખમ્મા

મારા શ્રીજી બાવાને ઘણી ખમ્મા, ઘણી રે ખમ્મા

મારા યમુના મહારાણીને ઘણી ખમ્મા, ઘણી રે ખમ્મા

મારા મહાપ્રભુજીને ઘણી ખમ્મા, ઘણી રે ખમ્મા

નંદનો દુલારો શ્યામ જશોદાનો પ્યારો

વ્રજનો વ્રજેશ કાન, મેવાડનો રાણો

હે... એવા મેવાડના રાયને ઘણી રે ખમ્મા...

મેવાડ દેશમાં બિરાજે મારો વ્હાલો

હે... એવા વ્રજના લાડીલાને ઘણી રે ખમ્મા...

ખમ્મા વ્રજધામને, ગોકુળીયા ગામને

નંદગામ, બરસાના, ગોપાલપુરી ગામને

હે... એવા ગાયોના ગોવાળને ઘણી રે...

કંસનો વેરી, કાળી નાગનો વેરી

મારા શ્રીજી છે સાચા ભક્તોના બેલી

હે... એવા ત્રિલોકના નાથને ઘણી રે ખમ્મા...

રંગે રૂપે શ્યામ, મુરલીધર નામ છે

મુરલીના સુરે રાણી રાધાજીનું નામ છે

હે... એવા મોરલીધર શ્યામને ઘણી રે ખમ્મા...

## આવી છું સેવાને કાજ

આવી છું સેવાને કાજ
ફુલડાં લાવી છું છાબમાં

કેવા સુંદર તો ડોલરના ફુલ છે
બાલકૃષ્ણ તમારે કાજ.. ફુલડાં લાવી છું છાબમાં

ડોલરના ફુલની માળા બનાવી
તુલસીના નાખ્યા છે પાન... ફુલડાં લાવી છું

ઝીણી ઝીણી કળીઓની માળા બનાવી
આરતી લઈ આવી છું સાથ... ફુલડાં લાવી છું.

શ્યામ સુંદરની આરતી ઉતારું
વૈષ્ણવના મનડા હરખાય.. ફુલડાં લાવી છું

માધવ દાસના સ્વામી શામળીયા
દે જો શ્રી વ્રજમાં વાસ... ફુલડાં લાવી છું



## કેવો રૂપાળો દેખાય

કેવો રૂપાળો દેખાય લાલો મારો કેવો રૂપાળો
શ્યામ સુંદીર દેખાય લાલો મારો કેવો રૂપાળો
ઘુંટણીયે ચાલતો હાથ તાલી પાડતો
મા મા કરતો જાય....લાલો મારો....
નાવણ કરાવું ત્યારે છબછબીયા કરતો
ઝભલા દેખીને હરખાય..લાલો મારો..
આંખલડી આંજુ ત્યારે રાડારાડ કરતો
તિલક કરુ તો રાજી થાય..લાલો મારો..
મુગટ પહેરાવું ત્યારે વાંકોચુકો થાતો
વાંસલડી લઈને ભાગી જાય..લાલો મારો..
કુંડળ પહેરાવું ત્યારે કાન ઢાંકી દેતો
ઝાંઝર પહેરાવતા ઉભો થાય...લાલો મારો..
ઝાંઝર પહેરાવું ત્યારે ઠુમત ઠુમક ચાલતો
વૈષ્ણવ તો વારીવારી જાય...લાલો મારો..
માખણ બતાવું ત્યારે દોડીને આવતો
ખોળામાં બેસીને ખાય..લાલો મારો..
ગાયોના ટોળામાં ટગર ટગર જોતો
વાછરડાં ભેગો બેસી જાય..લાલો મારો...
વૃંદાતેવનમાં વાલો ગૌધન ચરાવતો
સંધ્યાકાળે ઘેર જાય..લાલો મારો...
માતા જશોદા આરતી ઉતારતા
ઓવારણા લઈને વારી જાય..લાલો મારો..

## હિંડોળે ઝુલે ઘનશ્યામ

હિંડોળે ઝુલે ઘનશ્યામ શ્રીજીબાવા હિંડોળે ઝુલે
સોના રૂપાનો હિંડોળો ઘડાવ્યો
હીરલાની દોરી છે હાથ...શ્રીજી...
મખમલ મસુરીની ગાદીઓ ઢળાવી
તકીયા શોભે છે અપાર...શ્રીજી...
પહેર્યા પીતામ્બર જરકશી જામા
ઉપરણા ઓઢ્યા છે અપાર...શ્રીજી...
બાયે બાજુબંધ બેરખાનો જોડો
પહોંચી છે રત્ન જડાવ.શ્રીજી...
હાથમાં છે લાકડી ને પહેરી છે પાઘડી
પાયે ઝાંઝરનો ઝમકાર.શ્રીજી
વૈષ્ણવ મંડળ સર્વે ભેગા મળીને
હિડોળો તમારો નિત્ય ગાય..શ્રીજી.....



## શ્રીજી તારો હિંડોળો ઝાકમઝોળ

શ્રીજી તારો હિંડોળો ઝાકમઝોળ
વ્હાલા તારો હિંડોળો ઝાકમઝોળ
કાલિન્દના કિનારે હિંડોળો બાંધ્યો
બાંધ્યો શ્રધ્ધાનો દોર..શ્રીજી...
ટોડલે ટોડલે હીરા ને નીલમ
ચારે બાજુ મોગરાની માળ...શ્રીજી
કેસરીયા ધોતીને કેસરી ઉપરણાં
ઉપર છે રત્નની કોર.શ્રીજી
ઝુલે છે મારા પુષ્ટિના દુલારા
તમને ઝુલાવે વલ્લભકુળ પ્યારા..શ્રીજી
હિંડોળા પર્વ આનંદના વધામણા
તમને ઝુલાવે મારા પુષ્ટિ વૈષ્ણવો
શ્રીજીને પ્યારો લાગે હિંડોળો
વૈષ્ણવે બાંધ્યો રૂપાળો હિંડોળો..શ્રીજી...

# આવ રે કાના આવ હીંડોળો

આવ રે કાના આવ હીંડોળો ટનાટન છે
એ રે હીંડોળામાં મોગરાની માળા છે
મોગરાની માળામાં મોહન દેખાય છે
આવ રે કાના આવ હીંડોળો ટનાટન છે
ગુલાબના ગોટામાં ગોવિંદ દેખાય છે
આવ રે કાના આવ હીંડોળો ટનાટન છે
એ રે હિંડોળામાં લીલીના ફુલ છે
લીલીના ફુલમાં મને લટકતો દેખાય છે
એ રે ફુલડામાં રાતરાણી દેખાય છે
રાતરાણીમાં કાનાની રાધા દેખાય છે
એ રે હિડોળામાં શ્રીનાથજી દેખાય છે
શ્રીનાથજીની આરતી વૈષ્ણવો ગાય છે
એ રે હિંડોળામાં મુખ્યાજી દેખાય છે
મુખ્યાજી લાલાની આરતી ઉતારે છે.
અમે અમારા કાનુડાને ભજન સંભળાવશું
ભજન સંભળાવશું ને ધુન મચાવશું
ધુનની સાથે વૈષ્ણવ મંડળ ડોલે
હીંડોળામાં મારો કાનુડો ઝુલે



# કદમડાળે હિંડોળે ઝુલે છે નંદલાલ

કદમડાળે હિંડોળે ઝુલે છે નંદલાલ
ઝુલાવે વલ્લભાધીશ ઝુલે નંદનો કિશોર
તારો હિંડોળો વાલા ફુલડે ભરેલો
ફુલડે ભરેલો વાલા વેણી એ ગુંથેલો
ફુલના હીંડોળે બાંધી રેશમ કેરી દોર
ઝુલાવે વલ્લભાધીશ ઝુલે નંદનો કિશોર
માથે મુગટ વાલા મુખ પર મોરલી
કાને શોભે છે વાલા હીરલાની જોડી
હિડોળે ટહુકે છે ઝીણા મેના, પોપટ મોર
ઝુલોને વલ્લભાધીશ ઝુલે નંદનો કીશોર
શ્રાવણમાસે ફુલના હિંડોળા ભરાવું
ફુલના હિંડોળે મારા વાલાને ઝુલાવું
વાલાને ઝુલાવવા હૈયે ઉમટયું હેત
ઝુલાવે વલ્લભાધીશ ઝુલે નંદનો કીશોર
જુલગ જોડી શોભે ફુલને હિડોળે
વૈષ્ણવ ઝુલાવે વાલા આનંદ ઉમંગે
સેવકના કોડ તમે પુરો નંદલાલ
ઝુલાવે વલ્લભાધીશ ઝુલે નંદનો કીશોર
વૈષ્ણવ વાલા હૈયા હરખાતા
દર્શન આપી પાવન અમને કરો નંદલાલ
ઝુલાવે વલ્લભાધીશ ઝુલે નંદનો કીશોર

## તુલસીની માળા

તુલસીની માળા રૂમઝુમ ફેરવો
માળા ફેરવજો એવી રે ફરી જનમ ન લેવો પડે એવી રે
ગંગામાં ન્હાજો ને ગોમતીમાં ન્હાજો
જમના પાન કરજો એવા રે...ફરી જનમ ના....
યમુનાષ્ટક કરજો ને મધુરાષ્ટક કરજો
સર્વોત્તમ કરજો એવા રે...ફરી જનમ ના.....
ગોકુળમાં જજો ને મથુરામાં જજો
રમણ રેતીમાં લોટજો રે...ફરી જનમ ના.....
સેવા રે કરજો ને સ્મરણ કરજો
પૂજા કરજો એવી રે....ફરી જનમ ના....
દયા રે રાખજો ને ભાવના રે રાખજો
ઉપકાર કરજો એવા રે..ફરી જમન ના...
સગા સાચવજો એવા રે..ફરી જનમ ના..
હવેલીમાં જાજો ને મંદિરમાં જાજો
સંતસગ કરજો એવા રે....ફરી જનમ ના......



## આજે મારા ઘરમાં દીવાળી

આજે મારા ઘરમાં દીવાળી
મારે ઘેર પધાર્યા વનમાળી
આસોપાલવના તોરણ બંધાવ્યા
કંકુ કેસરના સાથીયા પુરાવ્યા
રંગોળી પુરી છે રૂપાળી.. મારે ઘેર પધાર્યા...
કંકુ ચોખા લઈને કાનાને વધાવું
કાનુડાના પગલે પુષ્પો વેરાવું
ધન્ય બની આંખલડી મારી... મારે ઘરે પધાર્યા...
સેવા ને સામગ્રી સજાવી દીધી છે
રસોઈ મારા હાથે બનાવી દીધી છે
હરખે હરખે કીધી તૈયારી... મારે ઘરે પધાર્યા...
રોમે રોમે પ્રગટ્યા છે ઝગમગતા દીવડા
આજે જાણે વૈષ્ણવના ઘરમાં વિવાહ
પાવન થઈ છે ઝુંપડી મારી... મારે ઘરે પધાર્યા...

## કેવા રૂડા લાવ્યો ભગવાન

હાલો જઈએ બોડાણાને ગામ કેવા રૂડા લાવ્યો ભગવાન !
ધન્ય ગંગા તે બાઈ તારાં ગામ,
જોને બધાં ભૂલ્યા છે ભાન ! હાલો જઈએ (૧)
રંગે કાળો પણ લાગે રૂપાળો,
પીળાં પટકૂળ, વળી વરણાગી જામો,
એને માથે વાંકા વાંકા વાળ,
કેવા રૂડા લાવ્યો ભગવાન ! હાલો જઈએ (૨)
અમી ભરેલી એની અણિયાણી આંખડી
માથામાં ખોસી એણે ફુલડાંની પાંખડી,
જોને કુંડળ ચમકે એને કાન !
કેવા રૂડા લાવ્યો ભગવાન ! હાલો જઈએ (૩)
પોપટની ચાંચ જેવું અણિયાળું નાક છે,
ઢીંચણ સુધીના એના લાંબાલાંબા હાથ છે,
કેવા રૂડા લાવ્યો ભગવાન ! હાલો જઈએ (૪)
ઘરડો થયો તોયે વરણાગી કટકો,
પાછલી ઉંમરમાં આવો શો લટકો !
એને નથી રહેયું ઉંમરનું ભાન,
કેવા રૂડા લાવ્યો ભગવાન ! હાલો જઈએ (૫)
મોહન માને એને મનડાનો મોરલો,
હૈયું નાચે એનો દેખીને તોરલો !
એનાં ખોવાયાં હૈયાના ભાન !
કેવા રૂડા લાવ્યો ભગવાન ! હાલો જઈએ (૬)



## પંખીડા ઓ પંખીડા

પંખીડા ઓ પંખીડા, પંખીડા ઓ પંખીડા...
પંખીડા તુ ઊડી જજે નાથદ્વારા રે
શ્રીજી બાવાને જઈને કહેજે દર્શન આપે રે
મારા ગામના સોનીડા વીરા વહેલા આવો રે
મારા શ્રીજી બાવા કાજે રૂડાં શણગાર લાવો રે
સારા લાવો સુંદીર લાવો વેલા આવો રે... શ્રીજી બાવાને...
પંખીડા તુ ઊડી જાજે કાંકરોલી ધામ રે,
દ્વારકાધીશને જઈને કહેજો દર્શન આપે રે
મારા ગામના સુથારી વીરા વેલા આવો રે
મારા દ્વારકાધીશ કાજ રૂડા બંગલા લાવો રે
સારા લાવો સુંદીર લાવો વહેલા આવો રે... દ્વારકાધીશને...
પંખીડા તુ ઊડી જાજે મથુરા દેશ રે
મહારાણીમાને જઈને કે જો દર્શન આપે રે
મારા ગામના દરજીડા વીરા વેલા આવો રે
મારી મહારાણી માને કાજે રૂડી ચુંદડી લાવો રે
સારી લાવો સુંદીર લાવો વેલા આવો રે... મહારાણીમાને...
પંખીડા તું ઊડી જાજે ચંપારણ્ય દેશ રે
વલ્લભાધીશને જઈને કહેજો દર્શન આપે રે
મારા ગામના દરજીડા વીરા વેલા આવજો રે
મારા વલ્લભાધીશ કાજે રૂડા ધોતી ઊભરણા લાવો રે
સારા લાવો સુંદીર લાવો વેલા આવો રે... વલ્લભાધીશને...

# પ્રભુનું ભજન અને સેવા

પ્રભુનું ભજન અને સેવા જેને ઘરે છે
એના જીવનમાં રોજ લીલા લહેર છે
મોરલીવાળાની સદા જેને માથે મહેર છે
એના જીવનમાં રોજ લીલાલહેર છે
હરિનો ભરોસો પાકો જેને વ્યવહારમાં
ફેરો સુધરે છે એનો આ રે સંસારમાં
મોહનની સાથે જેને સાચો મન મેળ છે
એના જીવનમાં રોજ લીલા લહેર છે
સંતોની વાણી જેણે હૈયામાં સંઘરી
એને સંભળાયે રોજ કાનાની બંસરી
કુળને કપટને બાજી જેને મન ઝેર છે
એના જીવનમાં રોજ લીલા લહેર છે.
રૂદિયે રંગાયો જે રણછોડના રંગમાં
દિવસ ને રાત એનો માણે આનંદમાં
સખીઓ આ જગમાં જેને કોઈથી ના વેર છે
એના જીવનમાં રોજ લીલા લ્હેર છે



# કાનુડા ઓ કાનુડા

કાનુડા ઓ કાનુડા, કાનુડા ઓ કાનુડા...
કાનુડા તુ માખણ ખાવા આવતો રહેજે રે
ઘર છે મારૂં ગોકુળ જેવું ગમશે તને રે... કાનુડા...
મેં તો વ્હાલનું વલોણું કર્યુ તારા માટે રે ,
હું તો પ્રેમથી જમાડું તને, મારા હાથે રે,
સાથમાં તારા ભેરૂઓને લાવતો રહેજે રે
ઘર છે મારું ગોકુળ જેવું ગમશે તને રે
મારી આંખડી જુએ વ્હાલા વાટ વાલમા તારી રે
હું તો વહાલ કેરા વારણા લઉં વારી વારી રે
પગલે તારા પ્રેમનાં પુષ્પો વેરતો રહેજે રે,
ઘર છે મારું ગોકુળ જેવું ગમશે તને રે
મારા હેતના હિંડોળે તને ઝુલતો રાખું રે
મારા હૈયા કેરો હાર તને પ્રેમથી આપું રે
મનના મળ્યા મોરલી તારી છેડતો રહેજે રે
ઘર છે મારું ગોકુળ જેવું ગમશે તને રે
મારા મનડા કેરો મોરલો તને નિરખી રહ્યો રે,
મારી પ્રીતડી પરોવું શ્યામ તારી સાથે રે
મારી હારે મીઠડી વાતો કરતો રહેજે રે
ઘર છે મારું ગોકુળ જેવું ગમશે તને રે
કાનુડા ઓ કાનુડા કાનુડા ઓ કાનુડા...

# પાંચ આંગળીઓ શ્યામની રે

પાંચે આંગળીઓ મારા કામની રે
પહેલી કહે મેં તો ગોવર્ધન તોડ્યો
ઈન્દ્રનો ગર્વ ઉતાર્યો રે... પાંચ...
બીજી કહે હું તો ચંદન ગોળતી
તિલક કરું મારા શ્યામને રે... પાંચે...
ત્રીજી કહે હું તો માળા રે ફેરવું
મણકા કરે ફેરવું મારા શ્યામની રે.. પાંચે ..
ચોથી કહે હું તો મારગ બતાવું
મારગ બતાવું મારા શ્યામનો રે... પાંચે...
અંગુઠો કહે હું તો કોળીયા ભરાવું
કોળીયો ભરાવું મારા શ્યામનો રે... પાંચે ...
હથેળી કહે હું તો તાળી રે પાડું
તાળી રે પાડું મારા શ્યામની રે... પાંચે...
હથેળી કહે હું તો આચમન કરાવું
આચમન કરાવું મારા શ્યામને રે... પાંચે ...
મુઠ્ઠી કહે હું તો અન્નદાન આપું
ભૂખ્યાના પેટને ઠારતી રે... પાંચે ...



# ઘણી ખમ્મા ઘણી ખમ્મા

ઘણી ખમ્મા ઘણી ખમ્મા ઘણી રે ખમ્મા...
મારા મહારાણીમાને ઘણી રે ખમ્મા
મારા યમુનાજી માને ઘણી રે ખમ્મા
મારા દીન દયાળુ માને ઘણી રે ખમ્મા
મથુરા ગામમાં ને નિશ્રામઘાટમાં
વૈષ્ણવો આવે દોડી તારી પાસમાં...
હે... એવા મહારાણીમાને ઘણી રે ખમ્મા...
સુરજદેવના દીકરીને યમરાજાના બેનડી
હે... એવા યમના ભગીનીને ઝાઝી રે ખમ્મા
કાલિન્દી ટોચથી માડી પધાર્યા
તેથી મહારાણીમા કાલિન્દી કહેવાયા
હે... એવા શ્રીજી પટરાણીને ઘણી રે ખમ્મા...
ધીર ગંભીર માનું શીતળ જળ છે. (સ્વરૂપ)
પયપાન કરીને  વૈષ્ણવ પાવન થાય છે.
હે... એવા વૈષ્ણવના લાડીલાને ઝાઝી રે...
ભાઈ પાસે માએ વરદાન લીધા
ભાઈને વચનથી બાંધી રે દીધા
હે...એવા ભક્તોના રખવાળાને ઘણી રે ખમ્મા...
ચણીયા ચોળીને માને ચુંદડી રે શોભતી
બાંહે બાજુબંધ બેરખાં રે સોપતા
હે... એવા કૃષ્ણ પ્રિયાને ઘણી રે ખમ્મા...

## ઝગમગતા તારલાની હવેલી

ઝગમગતા તારલાની હવેલી હો જો
એમાં મારા શ્રીનાથજીનું સ્વરૂપ હો જો
અમે અમારા શ્રીજીબાવાને કેસરથી નવડાવીશું
કેસર ના મળે તો અમે ચંદનથી નવડાવી શું
ચંદનથી સુંદર કસ્તુરી હો જો....એમાં મારા..ઝગમગતા..

અમે અમારા શ્રીજીબાવાને ફુલડાથી સજાવીશું
ફુલડાં ના મળે તો અમે કળીઓથી સજાવીશું
કળીઓથી સુંદર તુલસી હો જો ..એમાં
મારા..ઝગમગતા.

અમે અમારા શ્રીજીબાવાને સોનાથી શણગારીશું
સોનું ના મળે તો અમે રૂપાથી શણગારીશું
રૂપાથી સુંદર હીરલા હો જો .એમાં મારા...ઝગમગતા

અમે અમારા માધવને મંદિરમાં પધરાવીશું
મનડાથી સુંદર ભાવના હો જો..એમાં મારા ઝગમગતા.



## આજ મારા મંદિરયામાં

આજ મારા મંદિરયામાં ઝુલે શ્રીનાથજી
જોને સખી કેવા રુમઝુમ ચાલે શ્રીનાથજી
... આજ મારા.

જશોદાના જાયા ને નંદના દુલારા
મંગળાની ઝાંખી કેવી આપે શ્રીનાથજી
જરકસી જામા ધરી ઊભા શ્રીનાથજી
જગતના છે સાચે સાચા શ્રીનાથજી
... આજ મારા.

મોહનમાળા મોતી માળા ધરી શ્રીનાથજી
પુષ્પોની માળાને જાઉં વારી શ્રીનાથજી
... આજ મારા.

શ્રીનાથજીને પાયે ઝાંઝર શોભે શ્રીનાથજી
સ્વરૂપ દેખી મુનીવરના મન લોભે
...શ્રીનાથજી...

ભાવ ધરી તમે બાલકૃષ્ણ લાલજી.
વૈષ્ણવ જનોને ઘણા વહાલા શ્રીનાથજી
.. આજ મારા.

શ્રી વલ્લભના સ્વામીને અંતરયામી દેજો
અમને વ્રજમાં શ્રીનાથજી... આજ મારા

## હરિના ભજનમાં

હરિના ભજનમાં તમે આવતા રે જો રે

સાથે વ્હાલા વૈષ્ણવને લાવતા રે જો રે

સાકર દૂધમાં ભળે તેમ બધુ ગળી જજો રે

મન મોટુ રાખીને બધું ગળી જજો રે

હળી મળી ગુણ હરિના ગાતા રે જો રે..સાથે..

કોઈ નાત અને જાત કેરો ભેદ નથી રે

ગુણ ગોવિદના ગાય બધા હસી હસી રે

જય શ્રીકૃષ્ણ બોલીને બોલાવતા રે જો રે..સાથે..

જ્યારે ઢોલક ને મંજીરા ધમધમે રે

ત્યારે હૈયું હરિની સાથે એક બને રે

તાલીઓના તાલથી મિલાવતા રે જો રે..સાથે..

આવો લ્હાવો જીવનમાં ફરી નહિ મળે રે

ભજન વિના તો ભવના ફેરા નહિ ટળે રે

વૈષ્ણવ ભાથું ભકિત કેરુ બાંધતા રે જો રે...સાથે..



## ગયેલા આત્માને

(૧) ગયેલાં આત્માને, મન હૃદયથી આપજે શાંતિ પૂરી બધી રીતે એનું, પ્રભુ કરાવજે, સર્વકલ્યાણ શ્રીજી બધા જીવો સાથે, ગત જીવનમાં જે થયેલો સંબંધ કરાવી દ્યો એને સહુ તરફથી સાવ નિશ્ચિંત મુક્ત.

(૨) કેવો રાસ રચાય છે પળે-પળે, મૃત્યુ અને જનમનો એની એ ઘટમાળમાં સરકતું. એ વિશ્વનો ખેલશો તેમાં જીવ રમ્યા કરે પણ ખરું, આ ભાન એને થતું કેવો આપ વહ્યાં કરે પ્રકૃતિથી, કોઈન ત્યાં જાગતું.



# અંજલિ ગીત

હે નાથ જોડી હાથ પાયે પ્રેમથી સૌ માંગીએ,
શરણ મળે સાચું તમારું એ હ્દયથી માંગીએ :
જે જીવ આવ્યો આપ પાસે ચરણમાં અપનાવજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.
વળી કર્મના યોગે કરી જે કુળમાં એ અવતરે,
ત્યાં પૂર્ણ પ્રેમે ઓ પ્રભુજી આપની ભકિત કરે,
લખચોર્યાશીથી બંધનોને લક્ષમાં લઈ કાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.
સુસંપતિ સુવિચાર ને સત્કર્મોનો દઈ વારસો,
જનમોજનમ સત્સગંથી કિરતાર પાર ઉતારજો,
આ લોક ને પરલોકમાં તવ પ્રેમ રગરગ વ્યાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.
મળે મોક્ષ કે સુખ સ્વર્ગના આશા ઉરે એવી નથી,
દયો દેહ દુર્લભ માનવીનો ભજન કરવા ભાવથી,
સાચું બતાવી રૂપ શ્રી રણછોડ હ્દયે સ્થાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.



# મંગળ મંદિર ખોલો

મંગલ મંદિર ખોલો, દયામય!
મંગલ મંદિર ખોલો...
જીવન વન, અતિ વેગે વટાવ્યું
દ્વાર ઊભો શિશુ ભોળો :
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો
શિશુને ઊરમાં લો લો...
નામ મધુર તમ રહ્યો નિરંતર,
શિશુ સહ પ્રેમે બોલો
દિવ્ય તૃષાતુર આવ્યો બાલક
પ્રેમ અમીરસ ઢોળો...



# મારો સોનાનો ઘડુલો રે

મારો સોનાનો ઘડુલો રે હો મહારાણીમાં છલકે છે

મારી રૂપાની ઈંઢોણી રે હો મહારાણીમાં છલકે છે

ગોરું મુખલડું મલકે છે...હો મહારાણીમાં

મથુરાની વાટમાં ને વૃંદાવનની વાટમાં

યમુનાજીના જળ મારે ભરવા છે..હો મહારાણીમાં

નંદજીનો લાલો જશોદાની જાયો

કાનો મારગડો રોકે છે..હો મહારાણીમાં

વૃંદાવનની વાટમાં યમુનાજીના ઘાટમાં

દાણ મહીના વ્હાલી માંગે છે....હો મહારાણીમાં

મધુવનની મટુકી મારી ફોડે છે..હો મહારાણીમાં

શરદ પૂનમની અજવાળી રાતે

કાનાજી રાસ રમાડે છે..હો મહારાણીમાં

વૈષ્ણવ મંડળને નંદજીનો લાલો

લાગે છે વ્હાલો રે...હો મહારાણીમાં

મારો સોનાનો ઘડુલો રે..હો મહારાણીમાં

મારી રૂપાની ઈંઢોણી રે...હો મહારાણીમાં



# ગોપાલ કૃષ્ણ

ગોપાલ કૃષ્ણ રાધેકૃષ્ણ (૨)

આજા પિલે પટકે વાલે (૨) ગોપાલ કૃષ્ણ (૨)

આજા માખણ કે મતવાલે (૨) ગોપાલ કૃષ્ણ (૨)

આજા બંસી બજાનેવાલે (૨) ગોપાલ કૃષ્ણ (૨)

આજા ગોધન ચરાનેવાલે (૨) ગોપાલ કૃષ્ણ (૨)

આજા ગિરિ ઉઠાનેવાલે (૨) ગોપાલ કૃષ્ણ (૨)

આજા રાસ રચાનેવાલે (૨) ગોપાલ કૃષ્ણ (૨)

આજા કંસકે કાલ આજા (૨) ગોપાલ કૃષ્ણ (૨)

આજા રાધાજી કે પ્યારે (૨) ગોપાલ કૃષ્ણ (૨)



## નંદ ઘેર આનંદ ભયો

નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી
હાથી ઘોડા પાલખી જય કનૈયા લાલકી
ગોપી સર્વે મ્હાલતી જય કનૈયા લાલકી
અબીલ ગુલાબ ઉડાવતી જય કનૈયા લાલકી
માખણ મીસરી લાવતી જય કનૈયા લાલકી
લાલાને ખવડાવતી જય કનૈયા લાલકી

## અમને રાસ રમાડો મારા વ્હાલા

અમને રાસ રમાડો મારા વ્હાલા
થૈ થૈ નાચ નચાવ મારા વ્હાલા
વનરાવનની વાટે ને જમુનાને ઘાટે
ગોપીઓ દોડી દોડી આવે મારા વ્હાલા...અમને
રાસ જોવાને દેવો રે આવ્યા
નારદ વીણા વગાડે મારા વ્હાલા..અમને
વૈકુંઠથી વનરાવન રૂડું
તે અમને દેખાડે મારા વ્હાલા....અમને..
વૈષ્ણવજનની વિનંતી સુણજો
વૈષ્ણવમંડળ દોડી દોડી આવે મારા વ્હાલા..અમને..



## ઓ કનૈયા રાસલીલા થાય

ઓ કનૈયા રાસલીલા થાય છે
રાધાજીનું મુખડું મલકાય છે..ઓ કનૈયા
મહીયારણ તો મહી વેચવાને જાય છે
મહીયારણના કાનો મહીડા લૂંટી ખાય છે...ઓ કનૈયા
રાધાવર તો બંસરી બજાવે છે
કનૈયો તો થનક થનક થૈ થૈ નાચે છે..ઓ કનૈયા
રાધાજી તો રિસાઈને ચાલ્યા જાય છે
કનૈયો તો રાધાને મનાવવા જાય છે..ઓ કનૈયા
નંદ જશોદા ઓચ્છવ મનાવે છે
ગોપ ગોપી ઘેલા ઘેલા થાય છે...ઓ કનૈયા
મહીયારીયામાં  મુજને ગોઠે નહી
મહીયારીમાં તો ભાભી મેંણા બોલશે...ઓ કનૈયા
સાસરીયામાં સાસુ નણંદનું જોર છે
સસરા મારા કાંઈ બોલે નહિ...ઓ કનૈયા
જેઠાણીનું જોર ચારે કોર છે
જેઠ મારા મનમાં મુઝાય છે..ઓ કનૈયા
દિયર મુજને દેશે માટી ગાળજો
દેરાણી મારે સરખા સરખી જોડ જો..ઓ કનૈયા
પરણ્યો મારો ગુલાબ કેરુ ફુલ છે
સારી એની સુગંધ ચારે કોર છે..ઓ કનૈયા
વનરાવનમાં સુંદર રાસ રચાય છે
વૈષ્ણવ મંડળ નાચી કૂદી ગાય છે ..ઓ કનૈયા..

## મારા શ્રીનાથજીને ગુંજાની માળા

મારા શ્રીનાથજીને મુંજાની માળા
બીજી શોભે છે મોતીઓની માળા
વલ્લભ સેવા કરતા જાય, કરાવતા જાય
        વૈષ્ણવને દર્શન દેતા જાય... મારા
મારા શ્રીનાથજીને વેણુને નેય
ઊભા છે લઈને ગુલાબનું અત્તર
શ્રી અંગ ઉપર છાંટતા જાય, છંટાવતાં જાય
        વૈષ્ણવને દર્શન દેતા જાય... મારા
મારા શ્રીનાથજીને બાજુબંધ બેરખા
કાનના કુંડળને કેડે કંદોરો શોભતા
પગમાં ઝાંઝર ઝમકાવતા જાય
        ગોપીઓને રાસ રમાડતા જાય... મારા
મારા શ્રીનાથજીને વાંકળિયા વાળ છે
ઊભા છે એ તો સુંદર વેશે
વાંકળિયા વાળ ઊડાડતા જાય, રમતા જાય
        રમાડતા જાય.. મારા



મારા ગુરુજીની ચોર્યાસી બેઠક
અગ્નિકુંડમાં પ્રગટ થાય છે
વૈષ્ણવને ઝારી ભરાવતા જાય,
        બેઠકજીએ દંડવત કરાવતા જાય...મારા
મારા યમુનાજી ગોકુળમાં બિરાજે
ઠકરાણી ઘાટે ને વિશ્રામ ઘાટે
યમુનાજી આરતી કરતા જાય, કરાવતા જાય
        વૈષ્ણવને દર્શન આપતા જાય.... મારા
સત્સંગ હોય ત્યાં આવીને બેસે,
કોઈ ન જાણે એવા છૂપા વેશે.
ઝૂલતા જાય, ઝૂલાવતા જાય,
        વૈષ્ણવને દર્શન દેતા જાય.. મારા
વલ્લભના સ્વામીને ઝાઝું શું કહેવું
મારે નથી કાંઈ લેવું ને દેવું
લળી લળીને લાગુ તુજને પાય
        તારી લીલા મને ન સમજાય... મારા

## રહી ગઈ ગોકુળમાં

નંદબાવાને માતા જશોદાજી સાંભળે,
   મમતાની મૂડી મારી રહી ગઈ ગોકુળમાં...
સોના રૂપાના અહીં વાસણ મઢાવ્યા (૨)
   કાંસાની થાળી મારી રહી ગઈ ગોકુળમાં...
છપ્પનભોગ અહીં સ્વાદના ભરેલા (૨)
   માખણ ને રોટી મારી રહી ગઈ ગોકુળમાં...
હીરા મોતીના હાર મઝાના (૨)
   ગુંજાની માળા મારી રહી ગઈ ગોકુળમાં...
હીરા માણેક ના મુગટ મઢાવ્યા (૨)
   મોર પીંછ પાઘ મારી રહી ગઈ ગોકુળમાં...
હાથીને ઘોડા અહીં ઝુલે અંબાડીએ (૨)
   ગોરી ગોરી ગાવડી મારી રહી ગઈ ગોકુળમાં...
શરણાઈના સૂર કેવા ગુંજે મજાના (૨)
   વ્હાલી મારી વાંસળી રહી ગઈ ગોકુળમાં...
રાધાજીને એટલું કહેજો ઓધવજી (૨)
   અમી ભરી આંખ મારી રહી ગઈ ગોકુળમાં...
નંદબાવાને માતા જશોદાજી સાંભળે
   મમતાની મૂડી મારી રહી ગઈ ગોકુળમાં...



## સખી આજનો લ્હાવો લિજીએ

કાલ કોણે દીઠી છે
સખી આજનો લ્હાવો લિજીએ રે
કાલ કોણે દીઠી છે
ફુલની ગાદીને ફુલના તકીયા
ફુલના બિછાના બિછાવીએ રે..કાલ
સોનાનું પારણું ને રેશમની દોરી
હરખે શ્રીનાથજી ઝુલાવીએ રે..કાલ
સોનાના સોગટાને રેશમની ચોપાટ
હીરલાના પાસા ઢળાવીએ રે ..કાલ
વાણીના મેહુલાને આનંદની હેલી
સુખને સરવડે ભીંજાઈએ રે..કાલ
શ્રી વલ્લભના સ્વામી પ્રભુ રસિક શિરોમણી
લળીલળી મુખડાં નિહાળીએ રે..કાલ



## વૃંદાવનમાં વાલો

વૃંદાવનમાં વાલો કરે રે કિલ્લોલ
કરે રે કિલ્લોલ બોલે જીણા જીણા મોર
સોમવારે વાલો શ્રીનાથજીના રૂપે
શણગાર સજીને વાલો કરે રે કિલ્લોલ... વૃંદાવન.
મંગળવારે વાલો માધવ સ્વરૂપે
મોરલી વગાડી વાલો કરે રે કિલ્લોલ... વૃંદાવન
બુધવારે વાલો બિહારી સ્વરૂપે
બંસરી બજાવી વાલો કરે રે કિલ્લોલ... વૃંદાવન
ગુરુવારે વાલો ગોવાળિયા સ્વરૂપે
ગાયો ચરાવી વાલો કરે રે કિલ્લોલ... વૃંદાવન
શુક્રવારે વાલો શામળશાના રૂપે
શેઠ બનીને વાલો કરે રે કિલ્લોલ... વૃંદાવન
શનિવારે વાલો શ્રીનાથજીના સ્વરૂપે
દર્શન આપીને વાલો કરે રે કિલ્લોલ... વૃંદાવન
રવિવારે વાલો રાસ-બિહારી સ્વરૂપે
રાધા સાથે રાસ રમી વાલો કરે રે કિલ્લોલ... વૃંદાવન
ગોપી મંડળની ગોપી કાનાને તેડાવે
ગોપી મંડળની સાથે કાનો કરે રે કિલ્લોલ...
વૃંદાવનમાં વાલો કરે રે કિલ્લોલ....



## અતિ રે આનંદ ભર્યા

અતિ રે આનંદભર્યા આવો મારા અંગે
શ્યામ સુંદરવર બેઠા છે સંગે
મુખડા જોય વિના પાણી ન પીવું રે
રસિક સુંદરવર જોઈ જોઈ જીવું રે
રસિક સુંદરવર શી રઢ લાગી
જન્મોજન્મ મારી ભવ હઠ ભાંગી
સગપણતો શામળીયાનું સાચું
બાકી સરવે દીસે છે કાચું
મુજને ન વારો અમારી રે માડી
દર્શન કરવા જઈશું દોડી દોડી
કહેશે તેને કહેવા દઈશું
આપણે સરવે સાંભળી રહીશું
નંદના કુંવર તમે બહુ રંગ રસિયા
અમારે કારણે વ્હાલો વ્રજમાં વસીયા
અતિ રે આનંદ ભર્યા નંદ ઘેર જઈશું
દર્શન કરીને સુખીયા રે થઈશું
ઘણાં રે દિવસના વાયદા રે વળીયા
વલ્લભ પ્રભુ શ્રી ગોવર્ધન મળીયા

## ચાલો જળ જમુના

ચાલો જળ જમુના રે હો ન્હાવા
શ્રી ગિરીધર આવશે ગાયો પાવા...ચાલો..
ગોવાળની મંડળી રે હો લઈને
વ્હાલો મારો નાચે તા તા થઈને....ચાલો
સુખની શું કહું રે હી સજની
વાત કંઈ વરણામીના જપ વ્રજની....ચાલો
વ્રજ વરણવા માંહે ના આવે
એ સુખ અનુભવીઓને આવે......ચાલો
અનુભવમાં રે હો એ તો
એ ક્યાંથી જે ને તને....ચાલો
એ સુખ પાંડવોની પાસે
એ સુખ અર્જુનને અભિલાષે..ચાલો
દાસ વલ્લભના રે હો સ્વામી
વ્હાલા મારો છે અંતરયામી..ચાલો
શ્રીજી બાવા સહાય કે
શ્રી મહાપ્રભુજી મ્હેર કર
વૈષ્ણવમંડળ લહેર કરે
તાલી મંડળ તાળી ના જાય ખાલી
વારણા ઓવારી લઉં



### સંધ્યા આરતી

## દીવા કરો દીવા કરો

દીવા કરો દીવા કરો થઈ સંધ્યા વેળા
ગોવિંદ પધારે ને થઈ ગઈ છે વેળા
આગળ ગાયો ને પાછળ ગાયો
વચમાં શ્રી કૃષ્ણજી મોરલી વગાડે
ગાયોની ખરીએ ઊડે ઝીણેરી રજ
રજ ભર્યા શ્યામસુંદરના કેશ
ક્યા તે વનમાં વા'લે ગૌધન ચારી
યમુનાને તીરે વ્હાલે મોરલી વગાડી
યમુનાને કાંઠે ને ઠકરાણી ઘાટે
ઘેર પધારો માતા જુએ છે વાટ
થાળ ભરીને સાજ મોતી ના રે લાવ્યા
કાનકુંવરને મોતીડે વધાવ્યા
માતા જશોદાજી આરતી ઉતારે
બેની સુભદ્રા ઓવારણાં લે છે
દીવા કરો દીવા કરો થઈ સંધ્યા વેળા.

# શ્રી યમુનાજીનું ધોળ

દરશન ઘો માં શ્રી યમુનાજી,
હું તો બીજા કશાથી નથી રાજી
પાન કરાવો અમૃત જલનાં જોર હઠાવો માયા બળનાં
રટણ કરાવો શ્રી રાધાપરનાં દર્શન ઘો મા શ્રીયમુનાજી
શરણ પડ્યો છું દુઃખડાં કાપો,
તાપ નિવારી સુખડાં આપો
યુગલ સ્વરૂપ મારા હૃદયમાં સ્થાપો
.....દરશન ઘો મા શ્રીયમુનાજી
અહરનિશ સેવામાં દિન ગાળુ,
કૃષ્ણ કૃપાળુ દીનતા માગું
અવિચળ પદ માગું પાયે લાગુ
.....દરશન ઘો મા શ્રીયમુનાજી
માયા જાળ ટાળો શ્રી મહારાણી,
માજી લીલામાં લો તાણી,
દૈવી જીવ ઉપર કરૂણા જાણી
.....દરશન ઘો મા શ્રીયમુનાજી
છોડાવી દો વિષયાશકિત માનસી સેવામાં અનુરકિત
ધ્યાન ચરણોમાં ઘો મા દૃઢ ભકિત
.....દરશન ઘો મા શ્રીયમુનાજી



દુર્ગુણ મારા કાઢી નાખો વાંક હમારો સેવ તો સાંખો
વ્રજમાં વાસ કરુ અમે મુખ ભાખો
.....દરશન ઘો મા શ્રીયમુનાજી
લાલા લહેરી સેવક તારો દીન થઈ આયો અતિ દુખિયારો
ઉગરવાનો બીજો નથી આરો
....દરશન ઘો મા શ્રીયમુનાજી



# જીવનનાં બોધ વચનો

(૧) *સંગ્રહ કરવા લાયક ત્રણ વાનાં છે...*
**સંતોષ, સન્મિત્રો, સાદાઈ**

(૨) *ત્યાગ કરવા લાયક ત્રણ વાનાં છે...*
**મિથ્યા ભાષણ, આળસ, અવગુણો**

(૩) *અનર્થ ઉપજાવનારા ત્રણ છે...*
**કામ, ક્રોધ, લોભ**

(૪) *ધિક્કારવા યોગ્ય ત્રણ છે...*
**ક્રુરતા, કૃતઘ્નતા, મગરૂરી**

(૫) *હૃદયનો નાશ કરનારા ત્રણ છે...*
**આળસ, કુબુદ્ધિ, કુચ્છંદ**

(૬) *સુખ વધારનારા ત્રણ છે...*
**સદ્‌ગુણી સ્ત્રી, સન્મિત્ર, સદ્‌વિદ્યા**

(૭) *આ ત્રણથી ભેદ રાખવો નહિ...*
**સદ્‌ગુણી સ્ત્રી, સન્મિત્ર, પ્રમાણિક નોકર**

(૮) *મિત્રતા કરવાના ત્રણ પ્રકાર છે...*
**મળતો સ્વભાવ, સંપ, સત્કાર**

(૯) *મિત્રતા છોડવાના ત્રણ પ્રકાર છે...*
**કડવીવાણી, વિશ્વાસઘાત, લેણ-દેણ**

(૧૦) *ધનની ગતિ ત્રણ પ્રકારની છે...*
**દાન, ભોગ, નાશ**

(૧૨) *પારકા આશ્રય પર જીવનારાં ત્રણ છે...*
**સિંહ, સત્યપુરૂષ, શુરવીર**

(૧૩) *કામ ત્રણ પ્રકારેથી થાય છે...*
**મનથી, વચનથી, કાયાથી**

(૧૪) *વિવેકના ત્રણ સ્થંભો છે...*
**સત્યતા, નમ્રતા, વાણીની મધુરતા**

(૧૫) *જગતમાં મોટાઈ આપનારા ત્રણ છે...*
**ઈશ્વરભક્તિ, ઉદારતા, ઉદ્યોગ**

(૧૬) *આરોગ્યતા આપનારાં ત્રણ છે...*
**પચતો ખોરાક, કસરત, સ્વચ્છતા**



(૧૭) *જગતમાં પૂજવા લાયક ત્રણ છે...*
**મા-બાપ, ગુરૂજનો, પ્રભુ**

(૧૮) *નિંદવા લાયક ત્રણ છે...*
**કલંકકામિની, કપુત, કુટિલ નોકર**

(૧૯) *સુખે સુનારાં ત્રણ છે...*
**સંતોષી, સારાં કામ કરનાર, સત્યપુરૂષ**

(૨૦) *ઉજાગરાં કરનારાં ત્રણ છે...*
**ચોર, વ્યભિચારી, ગમા શત્રુવાળો**

(૨૧) *વ્યાપારમાં જરૂરની ત્રણ બાબતો છે...*
**હામ (હિંમત), દામ (ધન), ઠામ (સ્થળ)**

(૨૨) *પાયમલ કરનારાં ત્રણ છે...*
**કરજ, કપટ, કુવચનો**

(૨૩) *ઉન્નતિ કરનારાં ત્રણ છે...*
**સત્સંગ, ધર્માચરણ, ધૈર્ય**

(૨૪) *લડાઈનાં મૂળ ત્રણ છે...*
**જર (ધન), જમીન, જોરૂ (સ્ત્રી)**

(૨૫) *બેશરમ ત્રણ છે...*
**ગરજવાન, દરવાન, વ્યસની**

(૨૬) *નાશવંત ત્રણ છે...*
**જીંદગી, ધન, અધિકાર**

(૨૭) *વિના અગ્નિએ બાળનારા ત્રણ છે...*
**ક્રોધ, કુટુંબકલેશ, કપુત**

(૨૮) *ત્રણ વાનાં મનુષ્યમાં પુરતાં હોતાં નથી...*
**અક્કલ, આકીન, ઈશ્વરની ઓળખ**

(૨૯) *ધનની સાથે ત્રણ વાનાં જાય છે...*
**માન, બુદ્ધિ, ક્રાંતિ (સુંદરતા)**

(૩૦) *દુનિયામાં યાત્રાના સ્થળ ત્રણ છે...*
**માતા, પિતા, ગુરૂ**

(૩૧) *ઘરની ગુપ્ત વાત ત્રણ પ્રકારેથી છાની રાખવી...*
**અજ્ઞાન સ્ત્રી, અનાડી નોકર, અજ્ઞાન બાળક**

(૩૨) *પરદેશ જવાથી ત્રણ વસ્તુ પ્રાપ્ત થાય છે.*
**વિદ્યા, કળા, ધન**

(૩૩) જ્ઞાન મેળવવાનાં ત્રણ સાધન છે...
**વાચન, વાતચીત, નિરીક્ષણ**

(૩૪) હલકાની સોબતમાં ત્રણ વાનાં જાય છે...
**આબરૂ, ધન, જીવતર**

(૩૫) આ જગતમાં જુસ્સો ચઢાવનારા ત્રણ છે...
**વચનબાણ, વાજું, વીરતા**

(૩૬) ધર્મના લક્ષણો ત્રણ છે...
**દયા, દાન, દીનતા (ગરીબાઈ)**

(૩૭) રાજાએ ત્રણની સલાહ કદી ન લેવી...
**ખુશામતીઓ, મૂર્ખ, આળસુ**

(૩૮) ચિંતા કરવાથી ત્રણ વાનાં નાશ પામે છે...
**જ્ઞાન, બળ, ક્રાંતિ**

(૩૯) ત્યજવા લાયક ત્રણ છે...
**પરધન, પરનારી, પરનિંદા**

(૪૦) પાસે રહેનારને વશ થનારાં ત્રણ છે...
**પશુ, સ્ત્રી, રાજા**

(૪૧) અપમાન સહન ન કરનારા ત્રણ છે...
**સિંહ, સત્પુરૂષ, હાથી**

(૪૨) ત્રણ જણને સુતાં જગાડવાં નહિ...
**રાજા, મધમાખી, પારકું કુતરૂં**

(૪૩) ફરવાથી ફળપ્રાપ્તિ કરાવનારાં ત્રણ છે...
**ઘંટી, ઘાણી, વકીલ**

(૪૪) સંપીલા મનુષ્યોની ત્રણ કાર્યમાં જરૂર છે...
**દેશોદયમાં, જ્ઞાનોદયમાં, વ્યાપારોદયમાં**

(૪૫) આ ત્રણ રોકડીયા ગણાય...
**વૈદ્ય, વેશ્યા, વકીલ**

(૪૬) આ ત્રણ ખારીલા ગણાય.
**પંડ્યો, પાડો, કુતરો**

(૪૭) આ ત્રણથી પાછા હઠી જવું...
**વહેતુ પાણી, સળગતી આગ, યોગીનો ક્રોધ**

(૪૮) પૈસા કરતાં આ ત્રણ વધારે વહાલાં છે...
**અક્કલ, ઈજ્જત, ઓલાદ (સંતાન)**



(૪૯) આ ત્રણથી દુર રહેવું સારૂં છે...
**દુશ્મન, દુષ્ટ, દોઝખ (નરક)**

(૫૦) આ ત્રણ સંપીલા ગણાય છે...
**નાગર, કાગડો, કુકડો**

(૫૧) કર્મ ત્રણ પ્રકારનાં છે...
**પ્રારબ્ધ, સંચિત, ક્રિયમાણ**

(૫૨) બીજાનું બુરૂ કરી પોતાનું ભલું ચાહનારા ત્રણ છે...
**કંજુસ, કપટી, કુલક્ષણો**

(૫૩) આ ત્રણ પૂર્વ જન્મનાં પાપોનાં ફળ છે...
**બુરી સ્ત્રી, બુરાં છોકરાં, નીચ સગાં**

(૫૪) ઈશ્વર મેળવવાના ત્રણ રસ્તા છે...
**સત્ય, ઈશ્વર ભક્તિ, બુરાં કામોથી વેગળાઈ**

(૫૫) આળસથી ત્રણ વાનાં જાય છે...
**વિદ્યા, હુન્નર, અક્કલ**

(૫૬) જે સ્થળે જાય તે સ્થળે પોતાનો દેશ કરી બેસનારા ત્રણ છે...
**વિદ્વાન, પરાક્રમી, અક્કલવંત**

(૫૭) જો કાબુમાં રાખીએ તો જ સુખી થવાય એવા ત્રણ છે...
**સ્વભાવ, જીભ, ચાલ-ચાલગત**

(૫૮) માંદગી લાવનાર ત્રણ છે...
**અનિયમિત ખોરાક, આળસ, અસ્વચ્છતા**

(૫૯) નકામાં ત્રણ છે...
**ઈન્સાફ ન કરનારો રાજા, અક્કલ વિનાનો ઈન્સાફ,
વિદ્યા વિનાની અક્કલ**

(૬૦) સદ્‌ગુણી સ્ત્રીનાં લક્ષણ ત્રણ છે...
**ઘરની સંભાળ, સ્વામીની સેવા સંતાનોની કાળજી**



**જય શ્રીકૃષ્ણ**

